: પ્રકાશક :
સાધના પ્રકાશન મંદિર
વ્યવસ્થાપક–
શાહ મોતીચંદ દેપાળભાઈ ગુઢકા
ઠે. દિગ્વિજય પ્લૉટ, શેરી નં. ૪૬
જામનગર (સૌરાષ્ટ્ર)

વીર સં. ૨૪૯૩
વિ. સં. ૨૦૨૩
પોષ સુદ ૧૫

[illegible]

[illegible]

: મુદ્રક :
મણિલાલ છગનલાલ શાહ
શ્રી નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ,
ઘીકાંટા રોડ, અમદાવાદ

॥ ॐ श्री शंखेश्वर-पार्श्वनाथाय नमः ॥

પ્રકાશકનું નિવેદન

"ધર્મ મીમાંસા" નામનું આ પુસ્તક 'સદ્ગુણ સાધના' નામના પુસ્તકનો જ એક વિભાગ છે. આ પુસ્તકમાં નમસ્કાર ભાવ, શ્રી નવકારનો મહિમા, ગૃહસ્થધર્મની યોગ્યતા માટેના સદ્ગુણો, સર્વવિરતિ રૂપ સાધુધર્મની યોગ્યતા માટેના સદ્ગુણો, મુક્તિગમનની યોગ્યતા માટેના સદ્ગુણો: ક્ષમા, દયા, મૃદુતા, સત્યતા, ઋજુતા, અચોરતા, મુક્તતા, બ્રહ્મરતિ, સદ્વિદ્યા, નિરીહતા-નિઃસ્પૃહતા આદિ સદ્ગુણોને કેળવવા માટેના તથા તેને જીવનમાં આત્મસાત્ કરવા માટેના સરળ અને અસરકારક ઉપાયો બતાવવામાં આવ્યા છે. ત્યાર બાદ 'અંતરંગ મહારાજ્ય'–એ નામના વિભાગમાં ઉત્તમ રાજાના દૃષ્ટાન્ત દ્વારા ચારિત્રધર્મની પ્રાપ્તિ અને તેને પાર ઉતારવાના ઉપાયો દર્શાવવામાં આવ્યા છે: ઉપરાન્ત ધર્મનું મૂળ મૈત્ર્યાદિ ચાર ભાવનાઓ, ધર્મની વ્યાખ્યા, ધર્મની ઓળખ, સામાયિક ધર્મ, ધર્મનો પ્રભાવ, સામાયિક અને નમસ્કાર, આત્મજ્ઞાન સૌથી શ્રેષ્ઠ કેમ?, તેમજ વિચાર અને વર્તન આદિ મનનીય વિવિધ સામગ્રી રજુ કરવામાં આવી છે.

પુસ્તક નાનું હોય તો તે ગમે ત્યાં અને ગમે ત્યારે મુસાફરી આદિમાં પણ ચિન્તન-મનન માટે ઉપયોગી બની

વન્દન સૂત્રની વૃત્તિમાં કહ્યું છે કે–'धर्मं प्रति मूलभूता वन्दना' અર્થાત્–ધર્મ પ્રત્યે લઈ જનારી મૂલભૂત વસ્તુ વંદના છે–નમસ્કાર છે, કારણ કે–તેના વડે ઉત્પન્ન થતો ભાવોલ્લાસ આત્મક્ષેત્રમાં ધર્મપ્રશંસા–ધર્મના બહુમાન રૂપી બીજને વાવે છે, ધર્મચિન્તાદિ રૂપ અંકુરાઓ પ્રગટાવે છે, ધર્મશ્રવણ અને ધર્મ આચાર રૂપ શાખા–પ્રશાખાઓનો વિસ્તાર કરે છે તથા સ્વર્ગ અને મોક્ષના સુખોની પ્રાપ્તિ રૂપ ફૂલ અને ફળને આપે છે.

શ્રી નમસ્કાર મહામંત્રની શરૂઆત 'नमो' પદથી થાય છે, એ જ એની એક મહાન વિશેષતા છે. આ 'नमो' પદ ધર્મશાસ્ત્ર, મંત્રશાસ્ત્ર અને તંત્રશાસ્ત્ર–એ ત્રણેયની દૃષ્ટિએ રહસ્યમય છે.

મંત્રશાસ્ત્રની દૃષ્ટિએ 'नमो' એ શોધનબીજ છે; એટલે શરીર, મન અને આત્માની શુદ્ધિ કરવામાં તે અતિ ઉપયોગી છે.

તંત્રશાસ્ત્રની દૃષ્ટિએ 'नमो' એ શાન્તિક અને પૌષ્ટિક કર્મને સિદ્ધ કરનારું પદ છે, તેથી 'नमो' પદથી પ્રયોજાયેલું સૂત્ર શાન્તિ અને પુષ્ટિને લાવનારું છે.

વળી નવકારની આદિમાં રહેલ આ 'नमो' પદમાં ઓમ્ પણ છૂપાયેલો છે. તે આ પ્રમાણે. 'नमो' પદમાં न्+अ+म्+ओ-એ ચાર વર્ણો છે. હવે તે વર્ણોને જો ઉલ-ટાવવામાં આવે, તો ओ+म्+अ+न् એવો ક્રમ થશે. તેમાંના પ્રથમ બે વર્ણોના સંયોજનથી ઓમ્‌ની નિષ્પત્તિ થાય છે.

સંસ્કૃત મનઃ પદના 'म' અને 'न' અક્ષરોનો જો વિપર્યય કરવામાં આવે, તો नमः પદ થઈ જાય છે. એનો અર્થ એ છે. કે-જ્યારે આપણું બહિર્મુખ મન અંતર્મુખ બનશે, એટલે કે-બાહ્ય સંસાર તરફ દોડતું મન આંતર સન્મુખ થશે, ત્યારે આ नमो પદ પ્રગટશે.

શ્રી નમસ્કાર મહામંત્રમાં આ नमो પદનું છ વખત સ્મરણ કરાયું છે. આ नमो પદમાં ઘણા ગંભીર ભાવો છૂપાયેલા છે. જેમ કે-'नमो' એટલે વિશુદ્ધ મનનો નિયોગ, મનનું શુદ્ધ પ્રણિધાન, વિષય-કષાયથી વિરમવું અને સાંસારિક ભાવોમાં દોરતા મનને રોકવું.

વળી આ नमो પદ સન્માન, શ્રદ્ધા, ભક્તિ અને આંતરિક બહુમાનસૂચક પણ છે. વિશેષ પરિચયમાં नमो એ

સમર્પણ-ભાવસૂચક છે અને એથી પણ વિશેષ પરિચયમાં નમો સર્વ સમર્પણ-ભાવસૂચક છે, તેથી પણ જો આગળ વધીને કહીએ, તો નમો બીનશરતી સર્વ સમર્પણભાવનું સૂચક છે.

નમો પદમાં શ્રી પંચપરમેષ્ઠિઓ પ્રત્યેનો પ્રમોદભાવ રહેલો છે. જ્યાં પ્રમોદભાવ છે, ત્યાં અનુમોદનાના બીજ-માંથી સર્વ સમર્પણ-ભાવનું વૃક્ષ ઉગે છે. જેમ પ્રમોદ-ભાવ નમસ્કારનો પર્યાય છે, તેમ સમર્પણ-ભાવ પણ નમસ્કારનો પર્યાય છે.

જ્યારે શ્રી પંચપરમેષ્ઠિ પ્રત્યે બીનશરતી સર્વ સમર્પણ-ભાવ પ્રગટે છે, ત્યારે આપણામાં રહેલ પશુત્વ રૂપ કુભાવિક-તત્વનું અધોગામી વલણ નિવૃત્ત થઈ ઊર્ધ્વમુખ સહજ-ભાવે પ્રવર્તે છે. આપણા બીજ જેવા ભાવપ્રાણને ઊર્ધ્વ આકર્ષવાનું જબરજસ્ત બળ શ્રી પંચપરમેષ્ઠિઓમાં છે, પરંતુ એ બળમાં કાર્યકારી 'નમો' પદની આકર્ષણ શક્તિ મુખ્ય કારણ છે.

સર્વ સમર્પણ-ભાવ એ નમસ્કારની પરાકાષ્ઠા છે, પરંતુ એ
બન્નેનું મૂળ 'નમો' પદમાં રહેલું છે.

શ્રી પંચપરમેષ્ઠિઓની મહા વિદ્યુતનો પ્રવાહ તો વહી
જ રહ્યો છે, પરન્તુ આપણા આત્મામાં પ્રકાશ કરવા માટે
'નમો' પદનું બટન ઉઘાડવું જોઈએ.

શ્રી પંચપરમેષ્ઠિઓનું મહત્ત્વ ઘણું છે, પરંતુ તેમના
મહત્ત્વનો લાભ આપણને અપાવવાનું સામર્થ્ય 'નમો' પદમાં
સમાયેલું છે, તેથી સાધકો માટે તો નમો પદનું વિશેષ
મહત્ત્વ છે.

ટૂંકાણમાં આ 'નમો' પદ મોક્ષની કુંચી છે.

'નમો' પદમાં કર્મયોગ, ભક્તિયોગ અને જ્ઞાનયોગ
—એમ ત્રણેયનો સંગ્રહ થઈ જાય છે. નમસ્કાર પ્રીતિ રૂપ
છે, તે અંશમાં તે કર્મયોગ છે; તે ભક્તિ રૂપ છે, તે અંશમાં
ભક્તિયોગ છે અને તે જ્ઞાન રૂપ છે, તે અંશમાં જ્ઞાનયોગ
છે. શબ્દ અંશમાં કર્મયોગ, અર્થ અંશમાં ભક્તિયોગ અને
જ્ઞાન અંશમાં જ્ઞાનયોગ છે. નમસ્કાર શબ્દ, અર્થ અને જ્ઞાન
ત્રિતય રૂપ છે. શમ, દમ અને તિતિક્ષાપૂર્વક 'નમો' પદનો
આરાધક વિવેક, વિચાર, વૈરાગ્ય, ઉપરાન્ત શ્રદ્ધા, સમાધાન
અને મુમુક્ષુત્વ તથા શ્રવણ, મનન, નિદિધ્યાસન, સવિકલ્પ
અને તે રહિત નિર્વિકલ્પ સમાધિ રૂપ અવસ્થા મેળવે છે.
નમસ્કાર એ વિષયવિસ્મૃતિ રૂપ લય યોગ પણ છે. નમસ્કાર
વડે મનનું બુદ્ધિમાં અને બુદ્ધિનું આત્મામાં વિલિનીકરણ
થાય છે, તેથી તે સમર્પણ યોગ પણ છે.

'નમો' એટલે ચૈતન્યને નમવું અને પુદ્‌ગલને ન નમવું, પુદ્‌ગલથી પાછા ફરવું અને આત્મા તરફ જવું, બહિર્મુખ વૃત્તિને છોડવી અને અંતર્મુખ વૃત્તિને ધારણ કરવી, બાહ્ય તરફ વલણ ઉદાસીન રાખવું અને આંતર તરફ વલણ અનુમોદનાનું રાખવું, બાહ્ય જગતને અશરણભૂત માનવું અને આંતર જગતને શરણભૂત માનવું. 'નમો' એટલે 'न मम'–સંયોગસંબંધથી મળેલ વસ્તુ મારી નથી –એમ માનવું અને અસંયોગી આત્મા તથા તેના ગુણોમાં 'अहं'–'मम' બુદ્ધિ ધારણ કરવી, 'નમો' એટલે બહિર્મુખ પ્રાણનો નિરોધ અને અંતર્મુખ પ્રાણનું ધારણ અથવા બાહ્ય ભાવનો રેચક, આંતર ભાવનો પૂરક અને આત્મભાવનું સ્થિરીકરણ. 'નમો' એટલે પર–રૂપથી નાસ્તિત્વ અને સ્વ–રૂપથી અસ્તિત્વ એ ભાવની આરાધના અથવા બાહ્યથી શૂન્ય થવું અને આંતરથી પૂર્ણ થવું. 'નમો' પદનો સતત અભ્યાસ નિર્વિકલ્પ સમાધિને આપે છે.

'નમો' ભાવનો વિકાસ એટલે સહજ મલનો હ્રાસ, તથાભવ્યત્વનો વિકાસ, વિષયરસથી વિમુખતા, પરમાત્મ-તત્ત્વની સન્મુખતા, અનુકૂલતાનો સંકલ્પ, પ્રતિકૂલતાનું વિસર્જન, અસહાયતાનું પ્રગટન, સંરક્ષણનો વિશ્વાસ, સર્વસ્વનું દાન, અંતરાત્માનું સમર્પણ, નમ્રતાનો ઝરો, વિવેકનો દીપક, શિવનગરીનો રાજમાર્ગ, કર્મતાળાની ચાવી અને માનસિક શાન્તિનો અગ્રદૂત.

'નમો અરિહંતાણં'—એ પદથી પ્રભુના ચારેય અતિશયોની સ્તુતિ થાય છે. ક્રોધાદિ ભાવશત્રુઓનો પ્રભુ નાશ કરનારા હોવાથી અપાયાપગમાતિશય. પ્રભુ 'અર્હત્' ત્રિભુવનપૂજ્ય હોવાથી પૂજાતિશય અને પૂજાતિશયમાં હેતુ, જ્ઞાન અને વચન હોવાથી પ્રભુનાં જ્ઞાનાતિશય અને વચનાતિશય પણ ગ્રહણ થઈ જાય છે. આથી શ્રી અરિહંતના નમસ્કારમાં ચારેય અતિશયોની સ્તુતિ પણ આવી જાય છે. 'નમો' એ અપત્વાત્મક અર્થાત્ અત્યંત લઘુતાસ્વરૂપ ભાવ છે, તેથી તેમાં ધર્મસત્તાને સંપૂર્ણ સમર્પણ આવી જાય છે.

નવકારને ભજનારો દીન ન હોય.- પ્રભુની ઓળખાણ થતાંની સાથે જ બધી દીનતા ચાલી જાય છે. પ્રભુ એટલે અનંત સામર્થ્યવાન અને અનંત વીર્યવાન. આત્મા અનંત સામર્થ્યનો ભંડાર છે—એવી સમજણ નવકારથી પ્રાપ્ત થાય છે. નમસ્કાર જેને કરવામાં આવે છે, તે પરમેષ્ઠિઓ પણ નમસ્કાર કરી જ પરમ પદે પહોંચેલા છે. તેથી નવકારમાં પરમ સામર્થ્યવાન આત્મા અને સામર્થ્યને પ્રગટાવવાનું

સાધન—એ બન્ને વસ્તુઓ રહેલી છે. સાધ્ય પરમાત્મા છે અને સાધન નમસ્કાર છે. નવકાર વડે ધર્મવૃક્ષનું મૂલ સીંચાય છે, ધર્મનગરનાં દ્વાર ખુલે છે અને ધર્મપ્રાસાદનો પાયો નંખાય છે. ધર્મ જગતનો આધાર, ગુણરત્નોનું નિધાન અને ધર્મ રૂપી અમૃતરસનું મૂલ શ્રી નવકાર છે. શ્રી નવકારને ધારણ કરનારો ઉપશમરસને પામે છે, સંવેગરસને મેળવે છે, નિર્વેદભાવને પામે છે તથા અનુકંપા અને આસ્તિક્ય ગુણનો સ્વામી બને છે.

નમસ્કારભાવ એ મંગલ છે, જ્યારે અહંકારભાવ એ અમંગલ છે. નમસ્કારભાવ એ અહંકારભાવનો પ્રતિપક્ષી છે. અંધકારનો નાશ પ્રકાશ વડે થાય છે. નમસ્કારભાવ રૂપી પ્રકાશ અહંકારભાવ રૂપી અંધકારનો નાશ કરે છે. નમસ્કારભાવ એ અહંકારભાવ રૂપી પાપનું પ્રાયશ્ચિત્ત પણ છે. ધર્મનું મૂલ દયા છે અને પાપનું મૂલ અભિમાન છે. નમસ્કારભાવ વડે હિંસાદિ અને ક્રોધાદિ તથા રાગાદિ અને નિંદાદિ પાપોનું પ્રાયશ્ચિત્ત થાય છે. એ રીતે નમસ્કાર વિનય રૂપ તપ છે, સ્વાધ્યાય રૂપ પણ છે, ધ્યાન રૂપ પણ છે અને કાયોત્સર્ગાદિ રૂપ પણ છે.

મન તથા બુદ્ધિના વ્યાપારોને વિષે અસદ્ અભિનિવેશ, એ કર્મબંધના મુખ્ય હેતુઓ છે. નમસ્કાર એ દ્રવ્ય-ભાવ ઉભય-ના સંકોચ રૂપ હોવાથી પાપનાશક છે તથા ધર્મપ્રશંસા, ધર્મબહુમાન અને ધર્મના આદર રૂપ હોવાથી સૌ મંગલોમાં ઉત્કૃષ્ટ મંગલ છે.

'નમો' વડે અશુભ આશ્રવનો નિરોધ થાય છે એટલે તે અંશમાં સંવર થાય છે તથા તેના વડે શુભાશ્રવનું સેવન થતું હોવાથી શુભાનુબંધી પુણ્યનુ ઉપાર્જન પણ થાય છે. વળી 'નમો' વડે ધર્મનો વિનય તથા ધર્મીનું બહુ-માન થતું હોવાથી કર્મની નિર્જરા પણ થાય છે. વિનય અને બહુમાન એ અભ્યંતર તપના જ પ્રકારો છે. આ રીતે 'નમો'થી શુભાશ્રવ, સંવર અને નિર્જરાના—એ ત્રણેય સધાય છે, તેથી શાસ્ત્રોમાં 'નમો'ને સર્વ ધર્મશાસ્ત્રોના નીચોડ રૂપ કહેલ છે. ધર્મશાસ્ત્ર કર્મનું બળ જબરજસ્ત વર્ણવે છે. તે કર્મનું બળ પણ 'નમો' પાસે અપંગ બની જાય છે, કેમ કે-તેમાં કર્મક્ષયનું પ્રબળ કારણ શુદ્ધ ધર્મનું સ્વરૂપ ગુપ્તપણે રહેલું છે.

મનની બહિર્મુખ વૃત્તિઓને અંતર્મુખ બનાવવાનું અને એ વૃત્તિઓને બુદ્ધિમાં લય કરવાનું પરમ સાધન 'નમો' પદ છે. 'નમો' પદ જેને પરિણામ પામે, તેને બધી વિદ્યા-ઓ, બધી લક્ષ્મીઓ અને બધા સદ્ગુણો શોધતા આવે. જીવન જીવવાની કળા 'નમો' પદના આરાધનથી સાંપડે છે. સત્પુરૂષોની કૃપા પ્રાપ્ત કરવાનું અને સદ્ વસ્તુઓને

નીકટ લાવવાનું પરમ સાધન પણ 'નમો' પદની આરાધનામાં રહેલું છે. 'નમો' પદથી તત્ત્વાર્થદર્શન અને તત્ત્વાર્થસંબોધ પ્રાપ્ત થવા સાથે તત્ત્વાર્થરમણતા પણ સિદ્ધ થાય છે. 'નમો' પદની આરાધના વડે અપૂર્વ સહનશીલતા, વિશુદ્ધ સંયમ અને બાહ્ય–અંતર ઈચ્છાનિરોધ રૂપ પરમ તપની પ્રાપ્તિ પણ સુલભ બને છે અને એ બધાં ઉત્કૃષ્ટ મંગલ રૂપ છે.

'નમો' એટલે દ્રવ્ય–ભાવ સંકોચ. વ્યવહારમાં તેને 'કરજોડ'–'માનમોડ' શબ્દોથી પણ કહેવામાં આવે છે. 'કરજોડ' એ દ્રવ્યસંકોચ રૂપ છે અને 'માનમોડ' એ ભાવસંકોચ રૂપ છે. દ્રવ્યથી કાયાને અને વચનને સંકોચવા, નમ્ર બનાવવા અને વિનયને પ્રગટ કરે તેવી રીતે પ્રવર્તાવવા. ભાવથી મનને નમાવવું, સંકોચવું અને પરમાત્મભાવમાં વિલીન કરવું.

'નમો' પદનું સ્મરણ મરણને જીતનારૂં છે, પરંતુ એ 'નમો' પદ કોને ? પાંચ પરમેષ્ઠિઓને. પરમેષ્ઠિઓ પરમ પદે બીરાજમાન છે. 'નમો' પદના સ્મરણથી પરમેષ્ઠિપદને તેઓ પામ્યા છે, તે 'નમો' પદનું સ્મરણ મરણને જીતનારૂં છે. જે નમસ્કારભાવની આરાધનાથી સાધુઓ સાધુ બને છે, ઉપાધ્યાયો ઉપાધ્યાય બને છે, આચાર્યો આચાર્ય બને છે, અરિહંતો અરિહંત બને છે અને સિદ્ધો સિદ્ધ બને છે, તે નમસ્કારભાવ કેવો હશે ?–એનો વિચાર કરતાં કરતાં મિથ્યાત્વની, રાગ-દ્વેષની, ક્રોધ, માન, માયા અને લોભની, તેમજ નવ નોકષાયની ગ્રન્થીઓ છેદાઈ–ભેદાઈ જાય છે અને આત્મા શુદ્ધ નિર્મલ સ્વરૂપવાળો બની જાય છે.

નમો–ખમો–દમો–શમો–ગમો–રમો, એ છએ શબ્દો પરસ્પર સંબંધવાળા છે. જેમ કે–નમ્યો તે જ કહેવાય, કે જે દમ્યો હોય. ખમ્યો હોય, એટલે બીજાના અપરાધોને સહન કરતાં અને પોતાના અપરાધોની માફી માંગતાં શીખ્યો હોય. ખમ્યો તે કહેવાય, કે જે પોતાના મન અને ઇન્દ્રિયોને દમતો હોય. દમવું એટલે એવી રીતે જીવવું કે છકાય જીવમાંથી કોઈને પણ ફરીથી પીડાકારક ન થવાય. શમ્યો તે કહેવાય, કે જે ઈન્દ્રિયો અને મનને અસંયમ તરફ પ્રેરનાર ઈચ્છાઓથી રહિત થયો હોય. શમ્યો હોય એટલે શાન્ત થયો હોય અને ઈચ્છારહિત બન્યો હોય. ઈચ્છારહિત બન્યો તે કહેવાય, કે જેને આત્મા ગમ્યો હોય, એક આત્મતત્ત્વ પ્રત્યે જ રૂચિવાળો બન્યો હોય અને સુખનો પુંજ એક આત્મા જ છે–એવા તત્ત્વનિર્ણય ઉપર આવ્યો હોય.

રૂપ છે અથવા મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્ય સ્વરૂપ પણ છે.

નમસ્કારનો ભાવ એ જીવંત મુક્તિ છે. નમ્રતાની સિદ્ધિ એ જ આપણા માટે વર્તમાન સિદ્ધિ છે. સર્વ તીર્થંકર ભગવંતો અને ગણધર ભગવંતો એ જ ભાવની આરાધના કરીને સિદ્ધિ અને મુક્તિ પામ્યા છે. નમસ્કારભાવની આરાધના એ પરમ મંગલ છે, લોકમાં તે સર્વથી ઉત્તમ છે, અને સર્વને તે પરમ શરણભૂત છે. 'નમો અરિહંતાણં' ના પ્રથમ પદમાં દુષ્કૃત ગર્હા, સુકૃતાનુમોદના અને અનુઃ-[illegible] રહેલાં છે. દુષ્કૃત ગર્હા એ પરમ મંગલ છે, [illegible]ના એ પરમ લોકોત્તમ છે અને અનુઃશરણગમન [illegible]નિવારક છે. અથવા 'નમો' પદ મંગલ વાચક [illegible] પદ લોકોત્તમ વાચક છે. અને 'તાણં' પદ [illegible] વાચક છે. ચાર [illegible] મંગલ છે, લોકમાં તે [illegible] તે [illegible] છે. એ ચારથી [illegible] છે અને [illegible] કોઈને [illegible] કોઈ [illegible]

ત્રિભુવનપૂજ્યત્વ પ્રગટતું નથી. જીવત્વ સામાન્યને ઉદ્દેશીને મૈત્રી છે, નિશ્ચયથી સિદ્ધત્વ અને સ્વરૂપથી શુદ્ધત્વને ઉદ્દેશીને પ્રમોદભાવ છે તથા કર્મબદ્ધત્વ અને દુઃખાનુભૂતિત્વને ઉદ્દેશીને કરૂણાભાવ છે. તે ભાવો સર્વજીવવિષયક છે, માટે જ પરમ મંગલ, પરમ લોકોત્તમ અને પરમ શરણ્ય છે.

પોતાના નાના દોષોને મોટા અને બીજાના નાના ગુણોને મોટા તરીકે જોવા અને એથી વિરૂદ્ધ પોતાના મોટા ગુણોને નાના અને બીજાના મોટા દોષોને નાના જોવા, એ સાચો નમસ્કારભાવ છે. સાચો નમસ્કારભાવ એ નિષ્કલ્મષી જીવની નિશાની છે. બીજાના ગુણ અધિક અને મોટા દેખાય તે નમસ્કારભાવનો વિસ્તાર છે અને પોતાના દોષ અધિક અને મોટા દેખાય તે નમસ્કારભાવનું ઉંડાણ છે. એથી નમસ્કારભાવ વડે જીવાદિ તત્ત્વોના જ્ઞાનની સૂક્ષ્મ પ્રતીતિ અને અનુભૂતિ વધતી જાય છે.

સઘળી આરાધનાનું મૂળ નમ્ર વૃત્તિ છે. પ્રભુએ સપ્રતિક્રમણ ધર્મ કહ્યો છે, તેની પાછળ પણ એ જ રહસ્ય છે. જીવો પ્રત્યે આક્રમણ તે અધર્મ છે. આક્રમણ જો અનુયોગે પણ થયું હોય તો તેનાથી પાછા ફરવું અર્થાત્ પ્રતિક્રમણ કરવું તે ધર્મ છે. ધર્મના સાધકે આક્રમક નહિ પણ પ્રતિક્રમક બનવાનું છે. સ્વ એટલે આત્મા, તેનું સંરક્ષણ તો જ થાય કે-સદા નમ્ર વૃત્તિ ટકી રહે. જો ધર્મનો વિરાટ મહિમા જેઓના ખ્યાલમાં સહજ પણ આવે, તો તેઓ

અને કર્મ હોય, પણ જો ક્રિયા ન હોય તો ફળ ન મળે. મધ્યબિન્દુ આત્માએ એટલે કર્તાએ કર્મની સાથે એકતા સાધવાની છે. નમસ્કારની ક્રિયાથી સ્વરૂપનું સંધાન થાય છે. લોક-લોકોત્તર ઉભયમાં નમસ્કાર વૃત્તિવાળા જ સફલ થાય છે. અધ્યાત્મસાધનાનું લક્ષ્યબિન્દુ સ્વરૂપાનુસંધાન તરફ હોય છે. બીજી બધી વસ્તુઓ સ્વરૂપાનુસંધાનમાં સહાયકારી-આલંબનભૂત હોય છે. આત્મલક્ષી સાધના જેમ જેમ વધતી જાય છે, તેમ તેમ તે વ્યક્તિના જીવનમાં બાહ્ય રસ ઓછો થતો જાય છે. સર્વ કાર્યોમાં તેનું લક્ષ્ય પરમાત્મા હોય છે. તેના ઉચ્ચાર, વિચાર અને આચાર ત્રણેય તદ્રૂપ થઈ જાય છે.

તથા—"अहं प्रभो ! निर्गुण चक्रवर्ती, क्रूरो दुरात्मा हतकः सपाप्मा ।" અને પતિતથી પણ પતિત, અધમ, પરનિન્દક, પાપી, નિમકહરામી, વિષયી, ઉદરંભરી અને લંપટ તથા—

હું અવગુણનો ઓરડોજી, ગુણ તો નહિ લવલેશ.
કાજળથી પણ શામળોજી, મારા મનના પરિણામ;
તું તો કરુણારસ ભર્યોજી, તું સહુનો હિતકાર રે.
જિનજી, મુજ પાપીને તાર.

—એવી રીતે પોતાની જાતને અતિ અધમ અને શ્રી અરિહંતને અતિ ઉત્તમ સમજવી અતિ આવશ્યક છે. પોતાની અધમતા અને શ્રી અરિહંતની ઉત્તમતા, એ બંનેની સાચી સમજણના બળે શ્રી નમસ્કાર મહામંત્ર શીઘ્રપણે સિદ્ધ કરી શકાય છે.

સ્વ-અભિન્ન પરમાત્મસ્વરૂપની પ્રાપ્તિ એ લક્ષ્ય છે અને સ્વ-ભિન્ન પરમાત્મસ્વરૂપ એ આલંબન છે. 'નમો અરિહંતાણં' એ પદમાં શ્રી અરિહંતો આલંબન રૂપ છે. તેઓને નમસ્કાર કરવા દ્વારા બહિરાત્મભાવનો ત્યાગ થાય છે, અંતરાત્મભાવની પ્રાપ્તિ થાય છે અને સ્વ-અભિન્ન પરમાત્મભાવનું લક્ષ્ય સિદ્ધ થાય છે. બહિરાત્મભાવ રૂપી ધનુષ્ય ઉપર અંતરાત્મભાવ રૂપી બાણ ચડાવી પરમાત્મભાવ રૂપી લક્ષ્યને વિંધવાની ક્રિયા, એ અરિહંતોના નમસ્કારનું ફળ છે. શ્રી અરિહંતોને નમસ્કાર તથા શ્રી અરિહંતોનો નમસ્કાર એ બન્નેનો એકસરખો અર્થ ઘટે છે. શ્રી અરિહંતોને નમસ્કાર કરવો

વખતે દ્રવ્ય-ભાવનો સંકોચ ધ્યાતામાં થાય છે. શ્રી અરિહંતોનો નમસ્કાર એ અર્થ વખતે દ્રવ્ય-ભાવ સંકોચ ધ્યેયનો ગ્રહણ કરવાનો છે. શ્રી અરિહંતો રૂપી ધ્યેય જે પ્રકારનો દ્રવ્ય-ભાવ સંકોચ કરીને ધ્યેયસ્વરૂપ બન્યા છે, તે સંકોચનું સ્મરણ કરી ધ્યાતા તે સ્વરૂપ બને અને નમસ્કાર કરે, એ અર્થ પણ ઇષ્ટ છે. કહ્યું છે કે–'દેવો ભૂત્વા દેવં યજેત।' દેવ સમાન બનીને દેવની પૂજા કરો.

ધર્મ જીવનમાં જીવાય ત્યારનો આનંદ તો જુદો છે, પરન્તુ ધર્મ જીવનમાં સમજાય તેનો આનંદ પણ અપૂર્વ અને અવર્ણનીય છે. ધર્મ સમજાયો છે, તેની કસોટી 'નમો' પદથી થાય છે. ધર્મ જીવાયો છે, તેની પરીક્ષા સામાયિક પદથી થાય છે. 'નમો' એ ધર્મની પ્રશંસા રૂપ છે. સામાયિક એ સાક્ષાત્ ધર્મસ્વરૂપ છે.

卐

શ્રી નવકાર મહિમા

શ્રી નવકાર મહામંત્ર એ સારની પોટલી છે, રત્નની પેટી છે અને સર્વ ઇષ્ટનો સમાગમ છે.

ગારુડિક મંત્ર જેમ સર્પના વિષનો નાશ કરે છે, તેમ શ્રી નમસ્કારમંત્ર સમસ્ત પાપ રૂપી વિષનો નાશ કરે છે.

પરલોકના માર્ગે પ્રયાણ કરતા જીવ રૂપી મુસાફરને આ લોક રૂપી ઘરમાંથી નીકળતી વેળાએ શ્રી નવકારમંત્ર એ પરમ ભાથાતુલ્ય છે.

શ્રી નવકારના પ્રભાવથી ચોરો રક્ષક બને છે, ગ્રહો અનુગ્રહ કરે છે અને અપશુકનો શુભ શુકન રૂપ બની જાય છે.

ત્રણ જગતમાં રહેલા તિર્યંચો, સુરો, અસુરો, વિદ્યાધરો તથા મનુષ્યો સૂતાં, જાગતાં, બેસતાં, ઉઠતાં કે હરતાં-ફરતાં શ્રી નમસ્કાર મહામંત્રને યાદ કરે છે.

શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કાર એ ગુણાનુરાગનું પ્રતીક છે. એનાથી જો ગુણાનુરાગ ન હોય તો જાગે છે અને જો હોય તો વૃદ્ધિ પામે છે, કે જે આત્માનું આરોગ્ય [illegible]

[illegible]

શ્રી પરમેષ્ઠિ નમસ્કાર છે. તેથી આત્મનિષ્ઠાંતિયાની ભૂમિકાથી માંડી સમ્યગ્દૃષ્ટિ, દેશવ્રતિ, સર્વવિરતિધર આદિ તમામ જીવોની આરાધનામાં શ્રી પરમેષ્ઠિ નમસ્કાર એ પરમ મંત્ર છે.

જે [illegible] ઉપાયથી, [illegible], [illegible] કે [illegible] કોઈ પણ [illegible] નથી પામતો, તે [illegible] નમસ્કારના [illegible] આનંદ [illegible] પામે છે

હે મિત્ર! તેં તારું મન નમસ્કારનું ધ્યાન કરવામાં [illegible] નથી કર્યું, તો [illegible] સુધી [illegible] [illegible] અને [illegible] [illegible] છે! [illegible] નમસ્કારના ધ્યાન વિના તે [illegible] છે

આ નમસ્કાર એ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] પામે છે.

આ [illegible] કરે છે.

પંચ નમસ્કાર રૂપી સારથિ દ્વારા હંકાયેલા જ્ઞાન રૂપી ઘોડાવાળા અને સંયમ રૂપી રથમાં બેસી મનુષ્ય શીઘ્ર નિવૃત્તિપુરીમાં પહોંચી જાય છે.

શ્રદ્ધા રૂપી દીવેલ અને બહુમાન રૂપી વાટથી યુક્ત ભાગ્યશાળી પુરુષોના મનમંદિરમાં પ્રકાશતો શ્રી નવકાર રૂપી શ્રેષ્ઠ દીપક મિથ્યાત્વ રૂપી અંધકારને હરી લે છે.

પુણ્યાનુબંધી પુણ્યના ઉદયથી જેને શ્રી નમસ્કાર મહામંત્રની પ્રાપ્તિ થાય છે, તેને નરક ગતિનું અને તિર્યંચ ગતિનું ભ્રમણ હંમેશને માટે અટકી જાય છે અને સ્વર્ગ તથા મોક્ષના દ્વાર ઉઘડી જાય છે.

સર્વ શુભ પ્રયત્નોની સિદ્ધિ શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કાર મહામંત્રની અર્થભાવનામાં છે. મહામંત્રના અર્થની ભાવના સર્વ સિદ્ધિઓનું બીજ છે અને સર્વ અનુષ્ઠાનોનો પ્રાણ છે.

જપ દ્વારા પરમેષ્ઠિ નમસ્કારને હૃદયમાં વસાવ્યા પછી કોઈ અશુભ ભાવ ત્યાં રહી શકતો નથી.

આપણું સર્વતોમુખી વિકાસ સાધવાનું, આપણને સુખી બનાવવાનું, આપણી આપત્તિઓને દૂર કરવાનું અને સર્વ મનોરથોને સફળ બનાવવાનું અપૂર્વ સામર્થ્ય શ્રી નમસ્કારમાં છે.

શ્રી [illegible]

તે શ્રી પંચપરમેષ્ઠિથી ડરે છે. શ્રી પંચપરમેષ્ઠિની સાથે સંબંધ જોડવાથી કર્મબંધન ઢીલાં પડે છે.

જગતમાં એવી કોઈ પણ ઉત્તમ યા શ્રેષ્ઠ વસ્તુ નથી, કે જે ભક્તિપૂર્વકના નવકારના જાપથી જીવો પ્રાપ્ત ન કરી શકે.

ભાવ નમસ્કાર પરમ તત્ત્વ છે, પરમ સારભૂત છે, અપૂર્વ કલ્પવૃક્ષ છે અને શાશ્વત કામધેનુ છે. શ્રી પંચપરમેષ્ઠિ પ્રત્યે વિનય–બહુમાનપૂર્વક સર્વસમર્પણનો ભાવ એ ભાવ નમસ્કાર છે.

જેમ જેમ નવકારના વર્ણોનો રસ મનમાં પરિણામ પામે છે, તેમ તેમ અનુક્રમે જળથી ભરેલા કાચા ઘડાની જેમ જીવની કર્મગ્રન્થીઓ ઓગળી જાય છે.

જે મહા ભાગ્યશાળી આત્માની મન રૂપી ગુફામાં શ્રી નવકાર મહામંત્ર રૂપ કેસરી સિંહ બીરાજમાન છે, તેઓના મનમાં પાપકર્મ રૂપી હાથીઓનો સમૂહ ટકી શકતો નથી.

શ્રી નવકાર મહામંત્રનો જાપ કરવાવાળો સંસારમાં કોઈ દિવસ દુઃખી થતો નથી અને નિશ્ચયથી મોક્ષઆવાસના શાશ્વત સુખોનો તે અધિકારી બને છે.

શ્રી નવકારમંત્રની પ્રાપ્તિ સિવાય, ભવ્ય જીવોના અનેક જન્માન્તરસંચિત શારીરિક, તેમ જ માનસિક રોગ–શોકાદિ દુઃખ તથા તેના કારણભૂત કર્મોનો નાશ થવો અસંભવ છે.

શ્રી નવકાર ઉભય લોકના સુખનું મૂળ છે–એવું જાણીને તમે આ મહામંત્રનું સદા સ્મરણ કરો, કારણ કે–શ્રી પંચ-પરમેષ્ઠિને કરેલો નમસ્કાર જીવને હજારો ભવથી છોડાવે છે અને દુર્લભબોધિ બીજની પ્રાપ્તિ કરાવે છે.

શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતો એટલે વિશ્વકલ્યાણની ભાવનાનો ભંડાર તેઓને ભાવપૂર્વક નમવાથી એ ભાવના નમસ્કાર કરનારમાં પ્રગટે છે. પછી જગતમાં તેનો કોઈ શત્રુ રહેતો નથી.

ધ્યાન સર્વ તપમાં શ્રેષ્ઠ તપ છે. જ્યારે તેનો વિષય શ્રી પંચપરમેષ્ઠિ બને છે, ત્યારે ધ્યાનગત થયેલો શ્રી નવકાર મદોન્મત્ત હાથીની જેમ સર્વ કર્મ રૂપી વૃક્ષોનું ઉન્મૂલન કરી નાખે છે.

સમગ્ર વિશ્વમાં શ્રી પંચપરમેષ્ઠિ ઉપકારી છે. એમાં પણ શ્રી અરિહંતદેવ પરમ ઉપકારી છે, કારણ કે–પરમોપકારી શ્રી અરિહંતદેવ જગતના જીવોને માટે ધર્મતીર્થની સ્થાપના કરીને ધર્મમાર્ગનો બોધ કરે છે. તેઓ સમગ્ર વિશ્વમાં સર્વ કાળમાં સર્વ જીવોના હિતચિંતક હોવાથી સર્વને માટે પરમપૂજ્ય છે.

જીવનના પ્રત્યેક દિવસની ત્રણ સંધ્યાએ તમે શ્રી નવકાર મહામંત્રને ૧૦૮ વાર એવી રીતે સમર્પણ કરો કે–તે વખતે તમે નમસ્કારના ધ્યાન વિના બીજું કાંઈ કરી શકો જ નહિ. છ મહિના સુધી નિયમિત ત્રિસંધ્ય એકાગ્રતા પૂર્વકના ધ્યાન પછી તમે જોશો કે–તમારૂં જીવન પવિત્ર અને શાન્તિમય બની ગયું હશે, તેમ જ તમારી કલ્પનામાં પણ ન આવે એ રીતે તમારા શુભ મનોરથો સફળ બની રહ્યા હશે.

卐

અમૃત-પાન

મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય અને માધ્યસ્થ્ય આદિ નવકારમાં ભાવ રૂપે અને સામાયિકમાં ક્રિયા રૂપે જોડાયેલા છે. ભાવ વિનાની ક્રિયા અને ક્રિયા વિનાનો ભાવ જો નિરપેક્ષ હોય તો નિષ્ફળ બને છે, જ્યારે તે જો સાપેક્ષ હોય તો સફળ બને છે. આથી 'નવકાર' અને 'કરેમિ ભંતે' મળીને શ્રી જિનશાસન બને છે. શ્રી જિનનું શાસન ભાવ અને ક્રિયાનો સુમેળ કરાવે છે અને અનેકાન્તવાદ રૂપી અમૃતનું પાન કરાવે છે, તેથી તેમાં જીવને અજરામર બનાવવાની શક્તિ રહેલી છે.

સદ્‌ગુણ સાર



કાળનો બરાબર વિચાર કરવો, મરણને વારંવાર નજર સન્મુખ રાખ્યા કરવું, પરલોક સાધનામાં તત્પરતા રાખવી, ગુરૂ મહારાજની સેવા કરવી, યોગ પટ્ટનું દર્શન કરવું, તેના રૂપને પોતાના મનમાં વારંવાર સ્થાપન કરવું, ધારણાને સ્થિર કરવી, કોઈ પણ પ્રકારનો આંતર્ વિક્ષેપ થાય તેવો માર્ગ તજી દેવો, યોગશુદ્ધિ થાય તે માટે પ્રયત્ન કર્યા કરવો, ભગવાનના મંદિરો તેમ જ મૂર્તિઓ તયાર કરાવવાં, તીર્થંકર મહારાજના વચનોને લખાવવાં, શ્રી નવકાર મહામંત્રનો મંગળ જાપ વારંવાર કર્યા કરવો, ચાર શરણોને વારંવાર અંગીકાર કરવા, દુષ્કૃત્ય(ખરાબ કામો)ની વારંવાર નિંદા કરવી, સારાં કામોની વારંવાર અનુમોદના કરવી, પૂર્વપુરૂષોના સુંદર આચારવાળાં ચરિત્રો વારંવાર સાંભળવાં, ઉદારતા રાખવી અને ઉત્તમ પુરૂષોના પગલે ચાલવું. એ એ પ્રમાણે સદ્ગુણોનો અભ્યાસ કરવાથી સાધુ મહારાજના ધર્મો અને અનુષ્ઠાનો કરવાની યોગ્યતા આવે છે.

૩–મુક્તિગમનની યોગ્યતા

ત્યાર પછી બાલમુનિ થયેલ મહાનુભાવોએ ગ્રહણ-શિક્ષા ધારણ કરવી અને તે કરવા માટે વસ્તુતત્ત્વ સમજવાની જિજ્ઞાસા મનમાં ઉત્પન્ન કરવી. (૧) પોતાનાં અને પારકાં શાસ્ત્રોને બરાબર જાણનાર, (૨) પારકાનું હિત કરવાના કાર્યમાં સદા તત્પર, (૩) સામા માણસના હૃદયના ભાવોને બરાબર સમજનાર, અને (૪) પોતાના નામને સાર્થક કરનાર-એવા ગુરૂ મહારાજની સાથે પોતાનો સાચો સંબંધ

કેવી રીતે થાય તે માટે શોધ કરવી-પ્રયત્ન કરવો. ગુરૂ મહારાજનો વિનય બરાબર કરવો, અનુષ્ઠાનોની સર્વ વિધિઓ કરવા માટે તત્પર રહેવું. મંડલિ, નિષધાઅક્ષ વગેરેમાં બરાબર યત્ન કરવો. નાના-મોટાનો ક્રમ શાસ્ત્રમાં ફરમાવ્યો છે તે બરાબર પાળવો, સાધુને યોગ્ય અશનક્રિયા પાળવી, વિકથા વગેરે વિક્ષેપોનો સર્વથા ત્યાગ કરવો, ભાવપૂર્વક ક્રિયા વગેરેમાં ઉપયોગપ્રધાનતા રાખવાનો અભ્યાસ કેળવવો, આગમ સાંભળવાનો વિધિ બરાબર શીખવો, બોધપરિણુતિ આચરવી, સમ્યગ્જ્ઞાનમાં સ્થિરતા થાય તે માટે યત્ન કરવો, મનની સ્થિરતા કરવી, પોતાને જ્ઞાનધન મળી જાય તેનું જરા પણ અભિમાન ન કરવું, અભણ જનોની હાંસી ન કરવી, વિવાદનો સર્વથા ત્યાગ કરવો, અજ્ઞાની મનુષ્યોની બુદ્ધિમાં ભેદ ઉત્પન્ન ન કરાવવો અને અયોગ્યને શાસ્ત્રનો અભ્યાસ કરાવવો નહિ.

આ પ્રમાણે કરનાર ભવ્યાત્મા, ગુણજ્ઞ પુરૂષોને માન્ય એવી યોગ્યતા પ્રાપ્ત કરે છે અને આનંદસ્વરૂપ સમતા રૂપી લક્ષ્મી :તેમને આપોઆપ મળી આવે છે તથા અનેક ભાવસંપત્તિઓનાં તે સ્થાન રૂપ થઈ પડે છે.

ઉપર પ્રમાણે જ્યારે અંદરથી સાચી યોગ્યતા પ્રાપ્ત થાય છે, ત્યારે ગુરૂ મહારાજનો તેમના ઉપર ખરો પ્રસાદ થાય છે. પછી તેઓ તેમને સિદ્ધાન્તના રહસ્યો બતાવે છે; અને તેનામાં-(૧) શાસ્ત્ર સાંભળવાની ઈચ્છા, (૨) શાસ્ત્ર સાંભળવું, (૩) શાસ્ત્રગ્રહણ, (૪) શાસ્ત્રધારણ, (૫) ઉહ,

(૬) અપોહ, (૭) વિચારણા અને (૮) તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ-એ બુદ્ધિના આઠ ગુણો ગુરૂ મહારાજ ખીલાવે છે.

પછી આસેવન શિક્ષા ગ્રહણ કરવી, સર્વે ઉપકરણો અને કપડાંઓની પ્રત્યુપેક્ષણા કરવી, વારંવાર પ્રમાર્જન કરવું, ભીક્ષાચર્યામાં દોષ ન લાગે તે માટે એકાગ્રતા રાખવી, દોષનું પ્રતિક્રમણ કર્યા કરવું, આલોચના લેવી, નિર્દોષ ભોજનવિધિ શીખવી, ભાજનપરિકર્મ વિધિપૂર્વક સાફ કરવા, આગમને અનુસાર મળવિસર્જનની વિધિ કરવી, સ્થંડિલ ભૂમિનું બરાબર નિરીક્ષણ કરવું, સર્વ પ્રકારની ઉપાધિઓથી રહિત થઇને આવશ્યક કરવું, આગમમાં કહેલ વિધિ પ્રમાણે કાલગ્રહણ કરવું, પાંચ પ્રકારનો સ્વાધ્યાય કરવો, હરરોજની ક્રિયામાં સાવધાન રહેવું, પાંચ પ્રકારના આચારો બરાબર પાળવા, ચરણકરણની બરાબર આચરણા કરવી, અપ્રમાદ ભાવને અત્યંત દ્રઢ કરવો અને અતિ ઉગ્ર ચર્યા ધારણ કરવી. આ પ્રમાણે કરવાથી મોક્ષમાં અસ્ખલિત પહોંચાડનાર ગુણસમૂહની પ્રાપ્તિ થાય છે.

પરોપકાર કરવાના સ્વભાવવાળા મહાત્મા ગુરુઓ આ પ્રમાણે સદ્‌ગુણ ઉપાર્જન કરવાના ઉપાયો બતાવે છે. તેઓના એવા ઉપદેશથી પ્રથમ ગુણસ્થાનકે રહેલા ભદ્રિક પરિણામી ભવ્ય આત્માઓ ભાવરત્નની પરીક્ષા કરનારા બને છે અને હિંસાદિ યુક્ત મિથ્યાધર્મનો ત્યાગ કરી સદ્‌ગુણ ઉપાર્જનના કામમાં મંડી જાય છે.

卐

ક્ષાન્તિ આદિ દશ સદ્‌ગુણો

ચારિત્રધર્મની પ્રાપ્તિમાં, તેની સ્થિરતામાં અને તેને પાર ઉતારવામાં ક્ષાન્તિ આદિ સદ્‌ગુણો ખૂબ જ મહત્ત્વના છે. શ્રી ઉપમિતિભવપ્રપંચા કથા નામના ગ્રન્થરત્નમાં તે હકીકત એક સુંદર રૂપક દ્વારા સમજાવવામાં આવી છે. તે આત્માર્થી જીવોને વારંવાર મનન કરવા લાયક હોવાથી તેનો ઉપયોગી ભાગ અહીં રજુ કરીએ છીએ.

દીક્ષાનો પ્રાણ ક્ષાન્તિ આદિ સદ્‌ગુણો છે.

કેવલજ્ઞાની શ્રી નિર્મળાચાર્ય ભગવંતે મુમુક્ષુ એવા ગુણધારણ નામના રાજાને કહ્યું કે–હે રાજન્ ! જો તારે ભાવથી દીક્ષા અંગીકાર કરવી હોય, તો ક્ષાન્તિ આદિ દશ કન્યાઓની સાથે તારે અવશ્ય સંબંધ બાંધવો પડશે. તેઓની સાથે જો તું જોડાયેલો હોઈશ, તો જ અમે તને પ્રવ્રજ્યા (દીક્ષા) આપીશું. પ્રવ્રજ્યા અને ક્ષાન્તિ આદિ કન્યાઓને જરા પણ વિરોધ નથી, એટલું જ નહિ પણ ક્ષાન્તિ આદિ દશ કન્યાઓ વિના પ્રવ્રજ્યા લેવી તે પણ નિરર્થક છે : કારણ કે–તેઓની સાથે સંબંધ બાંધ્યા વિના જ દીક્ષા લેનારનું કાંઈ વળતું નથી. તેટલા માટે તેઓની સાથે સંબંધ કરીને પછી તારે દીક્ષા લેવી.

આ ક્ષાન્તિ આદિ દશ કન્યાઓ કોણ છે ? અને તેના

માતા-પિતાદિ સંબંધીઓ કોણ છે? તથા તેઓ અત્યારે ક્યાં રહે છે?–એ જાતની જિજ્ઞાસાને તૃપ્ત કરવા માટે તે સર્વ હકીકત શ્રી કેવલી ભગવંતે નીચે પ્રમાણે કહી છે.

ક્ષાન્તિ આદિ દશ કન્યાઓની ઓળખાણ

ચિત્તસૌંદર્ય નામનું નગર છે, તેનો શુભ પરિણામ નામનો રાજા છે. તેને નિષ્પ્રકંપતા અને ચારૂતા નામની બે રાણીઓ છે. તેઓને અનુક્રમે ક્ષાન્તિ અને દયા નામની બે કન્યાઓ છે.

વળી એક શુભ્ર માનસ નામનું નગર છે. તેનો શુદ્ધાભિસન્ધિ નામનો રાજા છે. તેને વરતા અને વર્યતા નામની બે રાણીઓ છે. તેઓને અનુક્રમે મૃદુતા અને સત્યતા નામની બે કન્યાઓ છે.

વધુમાં એક વિશદ માનસ નામનું નગર છે. તેનો શુદ્ધાભિસન્ધિ નામનો રાજા છે. તેને શુદ્ધતા અને પાપભીરુતા નામની બે રાણીઓ છે. તેઓને અનુક્રમે ઋજુતા અને અચોરતા નામની બે કન્યાઓ છે.

તેમ જ શુભ ચિત્તપુર નામનું એક નગર છે. સદાશય નામનો તે નગરનો રાજા છે. તેને વરેણ્યતા નામની પત્ની છે. એ રાણીને બે કન્યાઓ છે. એકનું નામ બ્રહ્મરતિ અને બીજીનું નામ મુક્તતા છે.

વળી સમ્યગ્દર્શન નામના સેનાપતિને [illegible] વિદ્યા નામની એક કન્યા છે અને ખુદ મહારાજા ચારિત્રધર્મ અને મહાદેવી વિરતિને નિરીહતા નામની એક પુત્રી છે.

એ પ્રમાણે દશ કન્યાઓના રહેવાનાં સ્થાનો અને તેઓના માતા-પિતાનાં નામો જણાવ્યા. હવે મહારાજા ગુણધારણને ક્ષાન્તિ આદિ એ કન્યાઓ કેવી રીતે મળી શકશે અને તે માટે ગુણધારણ રાજાએ કેવી યોગ્યતા પ્રાપ્ત કરવી જોઈએ, તે હકીકત શ્રી નિર્મળાચાર્ય જણાવે છે.

ક્ષાન્તિ આદિ કન્યાઓની પ્રાપ્તિનો ઉપાય

કર્મપરિણામ રાજા પોતે જ કાળપરિણતિ નામની મહારેવી સાથે વિચાર કરીને અને તેની સંમતિ મેળવીને પુણ્યોદયને આગળ કરશે અને પછી તેઓ ઉપરના નગરો જણાવ્યા છે ત્યાં જશે. ત્યાં જઈને તેઓ એ દશેય કન્યાઓના માતા-પિતાઓને અનુકૂળ કરશે અને તેમ કરીને એ કર્મ-પરિણામ મહારાજા પોતે જ એ દશેય કન્યાઓ ગુણધારણ રાજાને અપાવશે. હવે એમાં એક હકીકત ખાસ ધ્યાનમાં રાખવા જેવી એ છે કે-આ કન્યાઓની પ્રાપ્તિ ઈચ્છનારે બધા સદ્‌ગુણોનો સારી રીતે અભ્યાસ પાડવો પડશે, આ કન્યાઓને મેળવવા યોગ્ય પોતાના આત્માનો વિકાસ કરવો પડશે અને જાતે એ કન્યાઓને લાયક થવું પડશે. તેના પરિણામે કર્મપરિણામ રાજા તેને અનુકૂળ થશે અને એ રાજા એક વાર અનુકૂળ થયો, એટલે કન્યાઓના મા-બાપ પોતાની મેળેજ કન્યાઓને આપવા તત્પર બની જશે.

વળી કન્યાઓ પણ પોતાની મેળે સામે ચાલીને તે યોગ્ય આત્મા પ્રત્યે અત્યંત પ્રીતિવાળી બની જશે. ત્યાર પછી તેને કન્યાઓની સાથે સ્વાભાવિક સંબંધ થશે અને

તે સંબંધ એવો સુઘટિત થશે કે—એ કોઈનાથી ત્રૂટિ શકશે નહિ.

ખરી રીતે આ ક્ષાન્તિ આદિ દશ કન્યાઓ ક્ષમાદિ આત્માના દશ સદ્દગુણો છે. આત્મામાં અનાદિકાળથી ઘર કરીને બેઠેલા ક્રોધાદિ ભાવશત્રુઓની પક્કડમાંથી આત્માને છોડાવવા માટે તે તે દોષોના પ્રતિપક્ષી ઉપાયો છે. કહ્યું છે કે—

'यो यः स्याद् बाधको, दोषस्तस्य तस्य प्रतिक्रियां ।
चिन्तयेद् दोषमुक्तेषु, प्रमोदं यतिषु व्रजन् ॥ १ ॥'

તાત્પર્ય એ છે કે—ક્રોધાદિ જે જે દોષો આત્માને બાધાકારી બનતા હોય, તેના પ્રતિપક્ષી ક્ષમાદિ ગુણોનો અભ્યાસ કેળવો અને એવા દોષોથી જેઓ મુક્ત થઈ ગયા હોય તેવા મહાત્માઓ પ્રત્યે પ્રમોદભાવ ધારણ કરો. તેઓના તે તે ગુણો જોઈને રાજી થવું. દોષનાશ માટેના આ ઘણા જ સરળ અને અસરકારક ઉપાયો છે.

અહીં પણ એ જ રીતે સંકલના કરવામાં આવી છે. જેમ કે—ક્રોધ એ આત્માનો ભાવશત્રુ છે. તેના નાશ માટે તેના પ્રતિપક્ષી ગુણ ક્ષાન્તિ-ક્ષમાને, હિંસાદોષના નાશ માટે દયાને, માનદોષના નિવારણ માટે મૃદુતાને, [illegible] [illegible] નિવારણ માટે [illegible], [illegible] છોડવા માટે [illegible], [illegible] નિવારણ માટે [illegible], [illegible] માટે [illegible], અબ્રહ્મના ત્યાગ માટે બ્રહ્મચર્યને, [illegible] [illegible] માટે [illegible] અને [illegible]

નિવારણ માટે નિરીહતાને; એ રીતે દોષોની શુદ્ધિ માટેના વાસ્તવિક ઉપાયો બનાવવામાં આવ્યા છે.

અહીં ખાસ એક વિશેષતા એ છે કે-ક્રોધાદિ નાશના હેતુઓ ક્ષાન્તિ આદિ છે. એ બતાવવાની સાથે સાથે ક્ષાન્તિ આદિ સદ્‌ગુણોની પ્રાપ્તિમાં પણ જે જે વાસ્તવિક હેતુઓ છે, તેને બહુ જ સુંદર રીતે બતાવવામાં આવ્યા છે. કોઈ પણ વસ્તુના હેતુના હેતુ સુધી પહોંચવાથી તે કાર્ય વધારે સુદૃઢ બની શકે છે.

તે માટે નીચે અહીં ક્ષાન્તિ આદિની પ્રાપ્તિમાં જે જે સદ્‌ગુણો વાસ્તવિક હેતુભૂત છે, તેના અભ્યાસની ભલામણ સાથે આત્માની યોગ્યતા વધારવા માટે સુંદર ઉપદેશ આપવામાં આવ્યો છે, જે ખૂબ જ મનનીય છે અને વારંવાર પરિશીલન કરવા યોગ્ય છે. હવે તે હકીકત ક્રમસર અહીં રજુ કરવામાં આવે છે.

૧–ક્ષાન્તિ કન્યાને વરવાની યોગ્યતા

(તે માટે કેળવવા લાયક સદ્‌ગુણો)

જે ભવ્ય આત્મા ક્ષાન્તિને ઇચ્છતો હોય, તેણે જગતના સર્વ પ્રાણીઓ તરફ મૈત્રીભાવ રાખવો જોઈએ. અર્થાત્ સર્વ નાના-મોટા જીવો પોતાના સંબંધી છે અને મિત્ર છે-એમ વિચારવું. અન્ય માણસ ગમે તેટલો પરાભવ કે અપમાન કરે, તે સર્વ સહન કરવા માટે પરાભવ કરનાર પ્રત્યે પ્રીતિવાળા થવું, તેના પ્રતિકૂળ વર્તનની પણ અનુમોદના કરવી અને વિચારવું કે-એવા પ્રકારનો પ્રીતિયોગ સંપાદન

થવાથી પોતાના આત્મા ઉપર એક પ્રકારનો અનુગ્રહ થાય છે. જો તેવા પ્રસંગે આત્મા બીજાનો પરાભવ કરે, તો બીજાનો પરાભવ કરી તે દુર્ગતિમાં જવા યોગ્ય બને છે. આથી જો બીજાનો પરાભવ કરવાની ઈચ્છા થાય, તો પોતાના આત્માની નિંદા કરવી. વળી વિચારવું કે—જે મુક્ત આત્માઓ છે, તેઓ પારકાને કોપ કરાવવાના કારણ રૂપ કદી થતા નથી. તેઓ ખરા ભાગ્યશાળી છે. તે માટે તેવા આત્માની અંતઃકરણપૂર્વક પ્રશંસા કરવી. પોતાનો તિરસ્કાર કરનાર એક રીતે જોતાં પોતાના કર્મની નિર્જરાના હેતુભૂત થાય છે, તેથી તેઓ હિત કરનારા છે—એવી બુદ્ધિ ધારણ કરવી. ખરી રીતે આપણી સામે પ્રતિકૂળ વર્તન કરનારાઓ જ આપણને સંસારનું અસારપણું બતાવનારા હોવાથી, તેઓ જ પોતાના ગુરૂ છે—એમ માનવું અને હંમેશાં પોતાના અંતઃકરણને નિશ્ચલ બનાવવું. એવી રીતે સદ્ગુણોનું આચરણ કરનાર પ્રાણી શાન્તિ કન્યાને વરવા યોગ્ય બને છે.

૨—દયા કન્યાને વરવાની યોગ્યતા

(તે માટે કેળવવા લાયક સદ્ગુણો)

આખા જગતને આહ્લાદ ઉપજાવનાર અમૃત સમાન શમપણાના સુંદર આશયને ધારણ કરનાર થવું. એવા પ્રકારના સદ્‌ગુણોનો અભ્યાસ કરવાથી પ્રાણી દયા કન્યાને વરવા યોગ્ય બને છે.

૩-મૃદુતા કન્યાને વરવાની યોગ્યતા
(તે માટે કેળવવા લાયક સદ્‌ગુણો)

જે પ્રાણી મૃદુતા કન્યા સાથે લગ્ન કરવા ઇચ્છતો હોય, તે મહાનુભાવે પોતે અમુક ઊંચી જાતનો છે–એ હકીકત કે એ વાતનો ગર્વ ન કરવો. વળી પોતે ખાનદાન છે, કુળવાન છે અને મોટાના ઘરનો છે–એ હકીકતનો ગર્વ ન કરવો. પોતામાં ઘણું બળ છે અને મોટા પર્વત જેવાને પણ હઠાવી દે તેવો છે, વગેરે શક્તિનું અભિમાન ન કરવું. પોતે ઘણો રૂપાળો છે, આકર્ષક છે અને મનમોહક છે–એ હકીકતનો ગર્વ છાંડવો. પોતે ઘણા છઠ્ઠ–અઠ્ઠમ આદિ તપ કરે છે, કર્યા છે અને પોતાના જેવી તપસ્યા અન્ય કોઈ કરી શકતું નથી, એવો તપના ગર્વનો પરિહાર કરવો. પોતાની પાસે ઘણો પૈસો છે, પોતે જેટલો પૈસો ધરાવે છે તેટલો બીજા પાસે નથી, પોતે મોટો કુબેરભંડારી થઈ ગયો છે. અને બીજા સર્વે પોતાની પાસે ભીખારી જેવા છે તથા પોતાની પાસે ઉભા રહેવાને પણ લાયક નથી, વગેરે પૈસા સંબંધી અભિમાન વર્જવું.

પોતે ઘણો વિદ્વાન છે, પોતે બહુ થોડા વખતમાં સેંકડો શ્લોકો યાદ કરી શકે છે, પોતાની દલીલની પદ્ધતિ

છે અને અન્યને થનારી પીડાનો ખ્યાલ જ તેને થથરાવી નાખે છે, તેને પારકાનો જરા પણ દ્રોહ કરવાની બુદ્ધિ એનામાંથી સર્વથા નાશ પામે છે. પારકાના પૈસા લઈ લેવાની બુદ્ધિના તે દૂર કરે છે. એવાં કાર્યો કરવાથી કેટલી મુશ્કેલી ઊભી થાય છે, કેવા ત્રાસ થાય છે અને કેટલું દુઃખ થાય છે, તેનો તે બરાબર ખ્યાલ કરે છે. છેવટે એવાં અકાર્યોથી દુર્ગતિમાં જવાનો ભય તેના ખ્યાલમાં વારંવાર આવ્યા કરે છે. આવા પ્રકારના સદ્ગુણોનું અનુશીલન કરનાર પ્રાણી ઉપર અચોરતા કન્યા ખાસ હેત કરે છે અને સ્વયંવરા થઈ તેની પાસે આવી તેને વરે છે.

૭–મુક્તતા કન્યાને વરવાની યોગ્યતા

(તે માટે કેળવવા લાયક સદ્ગુણો)

જે પ્રાણી મુક્તતા કન્યા સાથે લગ્ન કરવા ઇચ્છતો હોય, તેણે વિવેકને પોતામય–એકસ્વરૂપ કરી દેવો. પોતાનો આત્મા કોઈ પણ પ્રકારના બાહ્ય અને અભ્યંતર પરિગ્રહથી તદ્દન અલગ છે, જુદો છે, ભિન્ન છે, એવી ભાવના કરવી એ બાહ્ય–અભ્યંતર મીલ્કતની પિપાસા (મેળવવાની ઇચ્છા) જેટલી બને તેટલી દબાવી દેવી. પોતાના અંતઃકરણને અંદર કે બહાર કોઈપણ વસ્તુ સાથે ન લગાડવું. એનાથી તેને તદ્દન અલગું જ રાખવું. જેમ કાદવ અને પાણીથી કમળ તદ્દન દૂર રહે છે, તેમ પોતાના અંતઃકરણને અર્થ (ધન) અને કામભોગથી તદ્દન અલગ કરી નાખવો. આવા પ્રકારના સદ્ગુણોનું અનુશીલન કરનાર પ્રાણી મુક્તતા કન્યાને વરવા યોગ્ય થાય છે.

૯–બ્રહ્મરતિ કન્યાને વરવાની યોગ્યતા

(તે માટે કેળવવા લાયક સદ્ગુણો)

જે પ્રાણી બ્રહ્મરતિ કન્યા સાથે લગ્ન કરવા ઇચ્છતો હોય, તેણે દેવતા, મનુષ્ય અને તિર્યંચની સર્વ સ્ત્રીઓને પોતાની માતા સમાન ગણવી. જે સ્થાનોમાં એ સ્ત્રીઓ રહેતી હોય, તેવાં સ્થાનોમાં તેણે જરા વખત પણ રહેવું નહિ. રાગપૂર્વક તેઓ સંબંધી કથા, વાતચીત કે તેઓનાં વર્ણન કરવા નહિ. જે સ્થાન કે શય્યા ઉપર તેઓ બેઠેલ હોય, ત્યાં (બે ઘડી સુધી) બેસવું નહિ. એ સ્ત્રીઓના શરીરના કોઈ પણ ભાગ ઉપર ટીકી ટીકીને જોવું નહિ. ભીંતને આંતરે કોઈ સ્ત્રી-પુરુષનું જોડલું રહેતું હોય, તો તેની તદ્દન નજીકના મકાનમાં ભીંતને અડોઅડ વાસો કરવો નહિ.

સંસારી અવસ્થામાં અગાઉ પોતે જે વિલાસો કર્યા હોય, તેનું સ્મરણ કરવું નહિ. જે ભોજન કરવાથી ઇન્દ્રિયો વિષય તરફ દોરે કે વિષય જાગ્રત થાય, તેવી વૃત્તિને ઉશ્કેરનારા માદક કે ભારે આહારનો ત્યાગ કરવો. પ્રમાણથી અધિક આહાર ન કરવો. પોતાના શરીરની કોઈ પણ પ્રકારની શોભા-વિભૂષા કરવી નહિ. ઇન્દ્રિયોના વિષય ભોગવવાની જે ઇચ્છા થાય, તો તેને સંયમ દ્વારા એકદમ દબાવી દેવી. આવા પ્રકારના સદ્ગુણોનું અનુશીલન કરનાર પ્રાણી બ્રહ્મરતિ કન્યાને વરવા યોગ્ય થાય છે.

૯–વિદ્યા કન્યાને વરવાંની યોગ્યતા

(તે માટે કેળવવા લાયક સદ્‌ગુણો)

જે પ્રાણી વિદ્યા કન્યા સાથે લગ્ન કરવા ઇચ્છતો હોય, તેણે સૌથી પ્રથમ તો વિચારવું કે–સર્વ પૌદ્‌ગલિક પદાર્થો અનિત્ય છે, થોડો વખત રહેનારા છે અને આખરે નાશ પામનારા છેઃ તેવી જ રીતે સર્વ ધન પણ અનિત્ય છે, વિષયો પણ અનિત્ય છે અને પોતાનું શરીર પણ અનિત્ય છે. પોતે વિચાર કરે કે–એ વિષયો, દેહ વગેરે વાસ્તવિક રીતે અશુચિથી (અપવિત્ર પદાર્થોથી) ભરેલા છે, એમાં આખરે દુઃખ જ છે અને એનો છેડો દુઃખમાં જ આવે છે એવી વિચારણા ઉપર સ્થિરતા કરે. પોતાનો આત્મા બાહ્ય સર્વ પદાર્થોથી, ભોગોથી અને શરીરથી પણ તદ્દન અલગ છે, એ સ્વભાવ ઉપર ખાસ વિચારણા કરે. અનેક પ્રકારના સાચા–ખોટાં કુતર્કો જો થયા કરતાં હોય, તો તેનાં જાળાંઓને તોડી પાડે. સર્વ વસ્તુઓમાં રહેલા સાચા તત્ત્વ ઉપર પૂર્ણ વિચાર અને મનન કરે. આવા પ્રકારના સદ્‌ગુણો જે ધારણ કરે, તેને જાતે બોલાવીને સદ્‌બોધ નામનો મંત્રી સમ્યગ્દર્શન સેનાપતિની વિદ્યા નામની કન્યાને આપે છે.

ઇચ્છાઓ થાય છે, તે મનના સંતાપને બહુ વધારી મૂકનારી છે. ઇદ્રિયોના ભોગો ભોગવવાની અભિલાષા મનમાં દુઃખ માટે થાય છે. સંસારમાં જે જન્મ થાય છે તે મરણ માટે થાય છે. પ્રિય વસ્તુ કે પ્રિય જનો સાથે જે મેળાપ થાય છે, તે આખરે વિયોગ માટે થાય છે અને વિયોગમાં પરિણમે છે. આ સંસારની સર્વ રચના જે પ્રાણી કરે છે, તે રેશમીઆ કીડા જેમ પોતાના શરીર આસપાસ રેશમને વીંટાળે છે તેના જેવી છે. જેમ પોતાની જ બનાવેલી રચના કીડાને આકરા બંધનમાં નાખે છે, તેમ સંસારની રચના પ્રાણીને પોતાને જ (રચના કરનારને જ) તીવ્ર બંધનમાં નાખે છે. વસ્તુઓનો સંગ્રહ કરી રાખવાની ટેવ કલેશને વધારનાર થાય છે. સર્વ પ્રકારના સંગો અને સંબંધો હેરાનગતિ માટે થાય છે. પ્રવૃત્તિ દુઃખ રૂપ છે અને નિવૃત્તિ સુખ રૂપ છે. આવા વિચારો તથા આવી ભાવનાઓ જેઓ નિરંતર કર્યા જ કરે છે, તેઓમાં નિરીહતા કન્યા ઘણી રક્ત થાય છે અને આખરે તે આવીને જાતે વરે છે.

રાજન્ ! જ્યારે તારે ઉપર્યુક્ત દશ કન્યાઓ મેળવવી છે, ત્યારે તારે ઉપર જણાવેલાં સર્વ સદ્ગુણોનો વારંવાર અભ્યાસ પાડવો જોઈએ. આવી રીતે જ્યારે તું લાંબા વખત સુધી કરીશ, ત્યારે તને ભાવ-રાજ્યની પ્રાપ્તિ થશે તથા તને તારા પોતાના બળની ચોક્કસ ખાત્રી થશે અને અંદરના ભાવશત્રુઓ ઉપર તારો વિજય થશે. એટલે પછી તું ઘણો સુખી થઈશ. તેટલા માટે તારે આ સર્વ સદ્ગુણોનો અભ્યાસ કરવા યોગ્ય છે.

卐

અંતરંગ મહા રાજ્ય

ચારિત્રધર્મની પ્રાપ્તિ થવી, એનું જ નામ અંતરંગ મહા રાજ્યની પ્રાપ્તિ છે. આ અંતરંગ ચારિત્ર મહા રાજ્યમાં વિધિપૂર્વક પ્રવેશ કરવાથી અને તેનું સુંદર રીતે પાલન કરવાથી તેનું કેટલું મહાન ફળ મળે છે, તેનું વાસ્તવિક જ્ઞાન કરાવવા માટે અતિ ઉપયોગી અને માનનીય હકીકત શ્રી ઉપમિતિ નામના ગ્રંથરત્નમાં ઉત્તમ રાજાના દૃષ્ટાન્ત દ્વારા રજુ થઈ છે. તેમાંથી આત્માર્થી જીવોને પ્રયોજનભૂત કેટલીક હકીકત અહીં નીચે રજુ કરીએ છીએ.

અંતરંગ રાજ્યમાં દાખલ થવાના ઉપાયો

ઉત્તમ રાજાએ શરૂઆતમાં જ જ્યારે આવો પ્રશ્ન કર્યો, ત્યારે તેનો ઉત્તર આપતાં સિદ્ધાન્તસૂરિ બોલ્યા કે-વત્સ! તું રાજ્યને ખરેખરો લાયક છે, એમાં જરા પણ શંકા નથી: કારણ કે-મોક્ષ મેળવવાની તને પ્રબળ ઈચ્છા થઈ છે અને તે ઈચ્છા પાર પાડવા માટે તું ધર્મની સાધના કરવા ઉજમાળ થયો છે. વળી તું સંસારથી અત્યંત વિરક્ત થયેલો છે અને અર્થ-કામમાં એટલે ધન અને ઈંદ્રિયોના વિષયભોગોમાં તું પ્રવૃત્ત થતો નથી, પણ ઉલટો તે બન્નેથી ઉલટો ચાલે છે. વળી આ સંસારનો આખો પ્રપંચ તને દીવા જેવો સ્પષ્ટ જણાઈ આવેલ છે, તેથી એ રાજ્યને માટે તારી યોગ્યતા છે. હવે એ રાજ્યમાં દાખલ થવાના કયા કયા ઉપાયો છે, તે હું તને વિગતવાર કહું છું, જે તું બરાબર લક્ષ્ય રાખીને સાંભળ.

અંતરંગ રાજ્યમાં પ્રવેશ કરતી વખતે રાજાએ સૌથી પ્રથમ ગુરૂ મહારાજને સર્વ હકીકત પૂછવી. ગુરૂ મહારાજ જે ઉપદેશ આપે અને જે માર્ગ બતાવે, તેને બરાબર-જરા પણ ઓછા વાળ્યા વગર અનુસરવો-અમલમાં મૂકવો. વેદના મંત્રોનો પાઠ કરાવીને ઘરે અગ્નિહોત્રી અગ્નિને રાખે અને જે પ્રકારે અગ્નિની સારસંભાળ કરે, તે પ્રમાણે ગુરૂ મહારાજની આરાધના કરવા માટે સદા અપ્રમત્ત રહેવું. ધર્મશાસ્ત્રના ગ્રંથોનો બહુ સારી રીતે મનનપૂર્વક અભ્યાસ કરવો અને તેના પારગામી થવું. એ ધર્મશાસ્ત્રમાં બતાવેલી હકીકતોનું રહસ્ય ઉંડા ઉતરીને વિચારવું. એ હકીકત બરાબર સમજીને મનમાં તેને માટે ચોક્કસ ખાત્રી કરવી

અને તેના પ્રત્યે હૃદય દૃઢ કરવું. ધર્મશાસ્ત્રમાં જે જે ક્રિયા-અનુષ્ઠાનો બતાવ્યા હોય, તે તે આકારે તેનું બરાબર પાલન કરવું. સંત મહાત્માઓની સેવા-ચાકરી કરવી. દુર્જન-હલકા મનુષ્યોથી હંમેશાં દૂર રહેવું અને તેઓનો પરિચય છોડી દેવો. સર્વ પ્રાણીઓ પોતાના આત્માની સમાન છે અર્થાત્ પોતાની ઉપમા અપાય તેવા છે તેમ ગણીને, જેવી રીતે પોતાનું રક્ષણ કરવામાં આવે છે, તેવી રીતે તે સર્વેનો બચાવ કરવો, તેઓનું રક્ષણ કરવું અને તેઓને પ્રાણદાન આપવું. સત્ય વચન બોલવું અને તે પણ સર્વ પ્રાણીઓને હિત કરે તેવું બોલવું-આકરૂં ન હોય તે બોલવું. યોગ્ય અવસરે વખત વિચારીને બોલવું અને પરીક્ષા કરીને બોલવું. પારકા ધનનો એક તલ જેટલો ભાગ પણ ધણીના આપ્યા વગર લેવો નહિ. સ્ત્રી માત્રની સાથે રાગપૂર્વક બોલવું કરવું નહિ.

લશ્કરમાંથી વૈરાગ્ય નામનો એક બીજો સેનાપતી તારી સાથે થશે. આ આત્મજ્ઞાન અને વૈરાગ્ય બન્નેને સાથે રાખીને તારે અંતરંગ રાજ્યમાં પ્રવેશ કરવો.

ત્યાર પછી મહા મોહરાજાના લશ્કરના કોઈ પણ માણસોને બહાર આવવા દેવા નહિ, તેને જરા પણ ફરકવા દેવા નહિ અને એના કોઈ પણ લશ્કરી કે સેનાપતી જો બખાકોરથી બહાર આવતા જોવામાં આવે, તો તેમને દેખતાં એકદમ કહાડી નાખવા. આત્મરાજના આખા લશ્કરને સારી રીતે ખોરાક આપવો. ચિત્તભૂમિ નામની રાજભૂમિને બની તેટલી વખતે સ્થિર કરવી. એ રાજ્યભૂમિમાં મૈત્રી[1], પ્રમોદ[2], કરૂણા[3] અને ઉપેક્ષા[4] નામની ચાર મહા દેવીઓને પધરાવવી. તેઓનો સત્કાર વધુ ને વધુ કરાવવો. એ ચાર દેવીઓની રાજ્યપાલનમાં બનતી મદદ લેવી. આવી રીતે તારી પાસે જ્યારે સર્વ પ્રકારની સામગ્રી તૈયાર થઈ જાય, ત્યારે પૂર્વદિશાના બારણેથી તારે અંતર રાજ્યમાં પ્રવેશ કરવો.

એ અંતરંગ ભૂમિનાં [illegible] મહા મોહરાજાના [illegible]

[illegible]

ચારિત્રરાજના લશ્કરને પીડા કરે છે. જ્યારે તે પ્રસન્નતા-પૂર્વક સ્વસ્થ હોય છે, ત્યારે તેનો તેવો સ્વભાવ હોવાથી એ ચારિત્રરાજના આખા લશ્કરને પુષ્ટ કરે છે અને આગળ જતું કરે છે તથા મહા મોહરાજાના લશ્કરને નિર્બળ કરે છે અને દાબી દે છે. એ સરોવરના આવા સ્વભાવને લીધે મહા મોહરાજાનું આખું લશ્કર તેને પોતાના લાભ ખાતર બને તેટલું ડોળી નાખીને મલિન કરે છે અને ચારિત્રરાજનું લશ્કર પોતાના લાભ ખાતર તેને પ્રસન્ન-નિર્મળ કરે છે. આ અધ્યવસાય રૂપ મહાન સરોવરને સ્વચ્છ રાખવા માટે, મૈત્રી, મુદિતા, કરૂણા અને ઉપેક્ષા નામની ચાર મહા દેવીઓની તારે નિમણુંક કરવી અને તે કામ તારે તેઓને સોંપી દેવું, કારણ કે—મેલ સાફ કરવાના કામમાં અને સરોવરને તદ્દન નિર્મળ કરવાના કામમાં એ ચારેય મહા દેવીઓ ઘણી હોંશીયાર તથા અત્યંત કાબેલ છે. આવી રીતે પ્રથમ આ મહાન અધ્યવસાય સરોવર નિર્મળ થઈ જાય, સ્વચ્છ-પ્રસન્ન બની જાય, તેમ જ ચારિત્ર-ધર્મરાજનું લશ્કર વધારે બળવાન થાય અને પરિણામે તારા અંગત ખાસ [illegible] વધારે પુષ્ટ થાય તથા મહા મોહરાજના લશ્કરીઓ [illegible] જાય અને બળહીન થઈ જાય, એટલે પછી તારે [illegible] કરવું. આગળ [illegible] જણાવેલ [illegible] [illegible] [illegible] [illegible] કરી [illegible]

શ્વાસોશ્વાસને પણ બંધ કરી દઈને, તેમ જ સર્વ ઈન્દ્રિયોનો વ્યાક્ષેપ તજી દઈને, એકદમ એ નદીએ તારે પહોંચી જવું. એ નદીએ જ્યારે તું પહોંચીશ, ત્યારે મહા મોહ વગેરે તારા મોટા ભયંકર દુશ્મનો એ નદીમાં સંકલ્પ-વિકલ્પ રૂપ અનેક મોજાંઓ ઉત્પન્ન કરશે, પરંતુ તારે અત્યંત સાવધાન રહીને જેવાં એ મોજાંઓ ઉઠે કે તરત જ તેને ભાંગી નાખવા. એ રીતે એ નદી ઓળંગીને તું જ્યારે આગળ ચાલીશ, ત્યારે ધર્મધ્યાન નામનો એક દંડોલક તારા જોવામાં આવશે. એ નાનો ટૂંકો રસ્તો છે. એ નાના રસ્તાના માર્ગે તારે ચાલવું. એ દંડોલક આગળ ચાલતાં સબીજ યોગ નામના મોટા રસ્તાને મળી જશે. એ મોટે રસ્તે ચાલતાં મહા મોહ વગેરે તારા ભયંકર સર્વ શત્રુઓનો નાશ થતો જશે અને તેઓને રહેવાના સર્વે સ્થાનકો પણ અસ્તવ્યસ્ત થઈ ઉંચા-નીચા થઈ જશે તથા પડું-પડું જેવી સ્થિતિમાં આવી જશે. વળી એ રસ્તે ચાલતાં ચારિત્રધર્મ વગેરે અનુકૂળ મિત્રો વધારે બળવાન થશે. તારી આખી અંતરંગ રાજ્યભૂમિ વધારે ને વધારે શ્વેત અને વિશુદ્ધ થતી જશે. તેમાં રાજસપણું અને તામસપણું અગાઉ રહેતું હતું, તેનું નામ પણ નહિ રહે. એ મોટે રસ્તે આગળ વધતાં વળી પાછો એક શુક્લધ્યાન નામનો દંડોલક આવશે. એ રસ્તે ચાલતાં નિર્મળ કેવળાલોક તને પ્રાપ્ત થશે. તે વખતે તું સર્વ વસ્તુઓને અને ભાવોને શુદ્ધ આકારમાં યથાસ્થિતપણે જોઈ શકીશ. એ દંડોલકને છેડે વળી નિર્બીજ યોગ

નામનો મોટો રસ્તો આવશે. એ રસ્તા ઉપર ચાલતાં આકરાં શત્રુઓને શરણ કરવા માટે તારે કેવલીસમુદ્‌ઘાત નામનો ભારે મોટો પ્રયત્ન કરવો અને તેમ કરીને તારે મન, વચન અને કાયાના યોગ નામના ત્રણ દુષ્ટ વૈતાળોનો નાશ કરવો. ત્યાર પછી **શૈલેશી** નામનો રસ્તો આવશે. તે રસ્તે તારે ચાલવું. એ રસ્તે ચાલતાં ચાલતાં **નિર્વૃત્તિ નગરી** આવશે. એ નગરીનું નામ નિર્વૃત્તિ એટલા માટે કહેવાય છે, કે જે સર્વદા સ્થિર છે અને ત્યાં કોઈ પણ પ્રકારની બાધા–પીડા વગર રહી શકાય છે.

ઉપરની સર્વ હકીકત કહી છે, તે જો **ઉદાસીન** નામનો રાજમાર્ગ તું નહિ મૂકે, અર્થાત્ ઉદાસીનતા નામનો એ રસ્તો છોડીને જો આડો–અવળો તું નહિ જાય, તો તારા સંબંધમાં તે બધું બનવા પામશે.

વળી એ રસ્તે ચાલતાં તારે **સમતા** નામની યોગનલિકાને બરાબર ગ્રહણ કરવી. એ યોગનલિકામાં તારી નજર નાખવી. તું એવી રીતે સમતામાં તારી નજર નાખીશ અને એ નળી વાટે નજર કરીશ, તો તું દૂરના પદાર્થો બરાબર રીતે જોઈ શકીશ. પછી તું તારી આંખે [illegible] કોઈ શકીશ અને [illegible] [illegible] શકીશ. [illegible] [illegible] શકીશ.

ભાઈ! એ નિર્વૃત્તિ નગરીમાં તો સર્વદા ઓચ્છવ મહોચ્છવ ચાલ્યા જ કરે છે. જ્યારે તું ત્યાં પહોંચીશ, ત્યારે તને અંતરંગ રાજ્યનું ખરૂં ફળ પ્રાપ્ત થશે અને ખરેખર રાજ્યપ્રાપ્તિનો લાભ મળશે. તને તે વખતે કોઈ પ્રકારની બાધા-પીડા રહેશે નહિ. તારા આખા શત્રુસમૂહનો નાશ થયેલો હોવાથી, તું તે વખતે તદ્દન નિર્ભય થયેલો હોઇશ.

હે ભાગ્યશાળી! ત્યાં તું હંમેશાં આનંદની લહેરોમાં મગ્ન રહીશ. તારી સાથે અંતરંગ રાજ્યના રાજાઓ છે, તેઓને પણ ઘણી સંપત્તિઓ મળશે અને તેમાં લય પામીને તેઓ તારી સાથે આનંદ કરશે. વળી તને બીજી એક વાત કહું તે પણ તું બરાબર લક્ષ્યમાં રાખજે. આ રાજ્યમાં જ્યારે તું પ્રવેશ કરે, ત્યારથી જ તારા શત્રુનો વિનાશ કરનાર બળવાન સેનાની વૈરાગ્યને મોખરે રાખી તારે પ્રયાણ કરવું અને અભ્યાસ નામના રસ્તાના નિપુણ ભોમીયાને સાથે રાખીને, તે બતાવે તે માર્ગે જ આગળ ચાલવું. આ વૈરાગ્ય અને અભ્યાસની સહાયથી જ્યારે તારો રાજ્યમાં પ્રવેશ થશે, ત્યારથી જ પગલે પગલે તારી સંપત્તિમાં વધારો થતો જશે. હવે તને વધારે શું કહેવું? ટૂંકામા કહું તો તારે આ માર્ગ જરા પણ છોડવો નહિ. તારા અંતરંગ શત્રુઓને બરાબર હણી નાખવાં. બહારની જે કાંઈ સંપત્તિ કે આકર્ષણો દેખાય તેની સાથે તારે જરા પણ સંબંધ કરવો નહિ. ચારિત્રધર્મ વગેરે તારા ખરા હિતેચ્છુઓ છે અને તેઓનું તારે બરાબર પરિપાલન કરવું મારા આ વચનોનું તારે બરાબર સ્મરણ કર્યા કરવું.

હે વત્સ! એ પ્રમાણે જો તું કરીશ, તો બધાં સારાં પાના થશે. ભાઈ! હવે તું જા, તારી સિદ્ધ થશે અને તને લાભ થશે! તું સારી રીતે નિર્મળ રાજ્ય કર! તને રાજ્યનું ફળ જો બરાબર મળશે, તો અમારી મહેનત પણ બરાબર સફળ થશે.

ઉત્તમકુમારે જવાબમાં કહ્યું કે-"જેવી પ્રભુની આજ્ઞા."

મહાત્મા સિદ્ધાન્ત ગુરૂએ ઉપર પ્રમાણે ઉપદેશ આપીને માર્ગ બતાવ્યો, તે જ પ્રમાણે સર્વ ઘટના બુદ્ધિશાળી ઉત્તમ રાજાએ કરી. ઉપર જે માર્ગ બતાવ્યો, તે જ માર્ગે ઉત્તમ-રાજ અંતરંગ રાજ્યમાં દાખલ થયો અને બાકીનાં પોતાનાં સર્વ કર્તવ્યો પણ તેણે તે જ પ્રમાણે અદા કર્યાં.

હવે મહા મોહ વગેરે શત્રુઓએ પોતાની શક્તિ બતાવવા માટે પેલી મહા મોહિની દૃષ્ટિદેવીની આગળ પ્રમાણે યોજના કરી અને તેને ખાસ ભલામણ કરી કે-એને તેમ કરીને પેલા ઉત્તમરાજને વશ કરવો.

પરંતુ હકીકત એવી બની કે-ઉત્તમકુમાર તો દૃષ્ટિ-દેવીને જરા પણ વશ થયા નહિ અને ઉલટી તેણે એ મહા [illegible] દીધી, એટલું જ નહિ પણ તેણે એ મોટા [illegible] ઉડાવી દીધું.

[illegible]

અને પંચાસ્તિકાયમય લોકના સ્વરૂપની વિચારણા કરવી તે. આ ધર્મધ્યાન જ્યારે પરાકાષ્ઠાએ પહોંચે છે, ત્યારે જે આત્માનુભવ થાય છે, તેનું જ નામ શુકલધ્યાન છે.

જૈન પ્રવચન અહિંસા અને ક્ષમામય હોવાથી મૈત્રીમય છે. જૈન પ્રવચન અનેકાન્તમય છે. તેમાં સર્વ નયોને સાપેક્ષપણે પોતપોતાના સ્થાને સમાન સ્થાન આપવામાં આવે છે. આ સર્વનયસાપેક્ષતા એ પણ મૈત્રીનો જ એક પ્રકાર છે એમ કહી શકાય.

૨–પ્રમોદ ભાવના

ધર્મમાર્ગમાં સૌથી પ્રબળ વિઘ્ન પ્રમાદ છે. પ્રમોદ ભાવનાથી પ્રમાદ દોષ ટળી જાય છે. જ્યાં સુધી ધર્મમાં પ્રમાદ છે, ત્યાં સુધી તેને નિવારવા માટે પ્રમોદ ભાવના અત્યાવશ્યક છે. વર્તમાન સાધનામાં અનેક વિઘ્નો દેખાતાં હોય; તો પણ જ્યાં સુધી પ્રમોદ ભાવના વિદ્યમાન હશે, ત્યાં સુધી વિઘ્નો ટળ્યા સિવાય રહેવાનાં નથી અને જો પ્રમોદ ભાવ જાગ્યો હશે, તો ભક્તિની સાધના પણ અવશ્ય નિર્વિઘ્ન બનશે, તેમાં નિઃશંક રહેવા જેવું છે. ભક્તિની સાધનાને નિર્મળ અને નિર્વિઘ્ન બનાવવા માટે પ્રત્યેક [illegible] પ્રત્યેક [illegible] પ્રમોદ ભાવનાનો વિષય, કે જે [illegible] છે, તેને [illegible] [illegible] [illegible] દૃષ્ટિથી ગુણી [illegible] વિકસે છે અને

પ્રમોદ ભાવના રૂપ છે. તેથી ક્રિયાને અમૃતમય બનાવનાર પ્રમોદ ભાવના છે. ક્રિયાની પૂર્ણાહુતિ બાદ પણ તેમાં થયેલ સુકૃતની જો અનુમોદના કરવામાં આવે, તો તે ક્રિયા ઉત્તરોત્તર વિશેષ ફળદાયી બને છે. આ અનુમોદના પણ પ્રમોદ ભાવનાનો વિષય છે અને તેથી ક્રિયાનું ફળ વધારનાર પણ પ્રમોદ ભાવના છે.

ગુરૂકુલવાસમાં વસવાથી કૃતજ્ઞતા, વિનય, વૈયાવચ્ચ, ક્ષમા આદિ ગુણોનું પાલન થાય છે. તે પ્રગટપણે કે પ્રચ્છન્નપણે પ્રમોદ ભાવનાની જ પુષ્ટિ કરે છે. જગતમાં જે કોઈ સત્કાર્યો થાય છે, તેની પાછળ બળ પ્રેરનાર પ્રમોદ ભાવના જ હોય છે. શ્રી જિનમંદિર આદિ ધર્મસ્થાનો પણ મુખ્યત્વે પ્રમોદ ભાવનાના પાયા ઉપર ઉભાં થયેલાં હોય છે. પ્રમોદ ભાવનાની પરાકાષ્ઠા શ્રી તીર્થંકરનામકર્મની પરમ પ્રકૃષ્ટ પુણ્યપ્રકૃતિનું ઉપાર્જન કરાવે છે, કેમ કે—તે પુણ્યપ્રકૃતિનું ઉપાર્જન કરનારા પુણ્યાત્માઓ પૂર્વના તીર્થંકરો પ્રત્યે ઉત્કૃષ્ટ પ્રમોદ ભાવને ધારણ કરનારા હોય છે અને તેથી જ તે મહાત્માઓ આખા જગતમાં પ્રમોદના ઉત્કૃષ્ટ વિષય બને છે. આ રીતે પ્રમોદ ભાવનાના કારણભૂત શુભ આલંબનોના આદરથી વિઘ્નોનો નાશ અને ધ્યાનાદિમાં દઢતા પ્રાપ્ત થાય છે.

૩-કરુણા ભાવના

દુઃખીનાં દુઃખ દૂર થાઓ, બીજાઓનું દુઃખ તે મારું જ દુઃખ છે, ઇત્યાદિ ભાવના તે કરુણા ભાવના છે.

જન્ય કરૂણા ચોથા, પાંચમા અને છટ્ઠા ગુણસ્થાનકે હોય છે. અને સ્વભાવજન્ય કરૂણા અપ્રમત્તાદિ ગુણસ્થાનકે હોય છે.

(૩) સ્વવિષયક કરૂણા એટલે સ્વસંબંધી દુઃખનાશ કરવાના ધાર્મિક ઉપાયોની વિચારણા કરવી તે.

(૪) પરવિષયક કરૂણા એટલે બીજાઓનાં દ્રવ્ય-ભાવ-દુઃખ દૂર કરવા માટે સમ્યગ્ ઉપાયોનું સેવન કરવું તે.

(૫) વ્યાવહારિક કરૂણા એટલે જરૂરીયાતવાળાને અન્ન, જલ, વસ્ત્ર, સ્થાન, આસન, ઔષધ અને બીજી પણ બાહ્ય સામગ્રી પૂરી પાડવી તે.

(૬) નૈશ્ચયિક કરૂણા એ આત્માના શુભ અધ્યવસાય રૂપ છે.

પાંચમી અને છટ્ઠી કરૂણા પરસ્પર પૂરક છે. ક્યારેક શુભ અધ્યવસાયો પહેલાં ઉત્પન્ન થાય છે અને પછી પ્રવૃત્તિ થાય છે તથા ક્યારેક અન્નદાનાદિની પ્રવૃત્તિ પ્રથમ થાય છે, અને પછી શુભ અધ્યવસાયો જાગે છે; અથવા પ્રગટ થયેલા અધ્યવસાયો વૃદ્ધિ પામે છે. એટલે કે–શુભ પ્રવૃત્તિથી શુભ અધ્યવસાયો ન હોય તો આવે છે અને ન હોય તો વધે છે, તેમ જ આ શુભ પ્રવૃત્તિથી અશુભ અધ્યવસાયો આવ્યા હોય તો દૂર થાય છે અને ન આવ્યા હોય તો અટકે છે.

“ મને કદી પણ દુઃખ ન આવો.” ઇત્યાદિ ભાવ[illegible] [illegible] છે. [illegible] [illegible] દુઃખ છે. દુઃખ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે. દુઃખને દૂર

કરવા માટે સર્વ પ્રાણીઓ રાત-દિવસ પ્રયત્ન કરે છે, પણ દુઃખ ઉપર રહેલા દ્વેષને દૂર કરવાનો પ્રયત્ન કોઈ વિરલ જ કરે છે. કર્મના ઉદયથી પ્રાપ્ત થયેલ વર્તમાન દુઃખને દૂર કરવું, એ જીવના હાથની વાત નથી, પરંતુ તે દુઃખ ઉપરના દ્વેષને દૂર કરવાની વાત-જીવના હાથમાં છે. વર્તમાન દુઃખ દૂર કરવામાં જીવ પરતંત્ર છે, પણ દુઃખ ઉપરના દ્વેષને કરવામાં તે સ્વતંત્ર છે. દુઃખ ઉપરનો દ્વેષ દૂર થતાં જ દુઃખ એ તત્ત્વતઃ દુઃખ રહેતું જ નથી, અર્થાત્ દુઃખ વખતે પણ ચિત્તને સંકલેશ ઉત્પન્ન થતો નથી.

દુઃખ ઉપર રહેલા દ્વેષને દૂર કરવાનો અત્યંત સરલમાં સરલ ઉપાય કરૂણાભાવના છે. કરૂણા ભાવના એટલે બીજાઓનું દુઃખ દૂર કરવાની વૃત્તિ. પોતાનાં દુઃખ ઉપર આપણે જે દ્વેષ કરીએ છીએ, તેને બદલે જ્યારે સર્વના દુઃખ પ્રત્યે દ્વેષ કરીએ છીએ ત્યારે પોતાનું દુઃખ ભુલાઈ જાય છે. પોતાના દુઃખને ભૂલી જવામાં જ સાધના માત્રનું રહસ્ય છુપાયેલું છે. આ કાર્ય ચિત્તમાં કરૂણા ભાવનાને દૃઢ કરવાથી સહેલાઈથી પાર પડે છે. કારણ કે-વ્યક્તિગત દુઃખ પ્રત્યેના દ્વેષનું સ્થાન સર્વ દુઃખી જીવોના દુઃખને બનાવવું એ જ કરૂણા ભાવનાનું રહસ્ય છે. "મારાં દુઃખો નાશ પામો."-એવી વૃત્તિના સ્થાને "સર્વનાં દુઃખો નાશ પામો."-એવી ભાવના જ્યારે પ્રબળ બને છે, ત્યારે અન્યને અપકાર કરવાની મલિન ચિત્તવૃત્તિ આપોઆપ ચાલી જાય છે.

બીજા દુઃખીની અપેક્ષાએ પોતે સુખી છે-એમ જાણ-

થાય છે, તેથી તે કરૂણા ભાવનાને કેળવવી એ પરમ કર્ત્તવ્ય બને છે.

હિતોપદેશનું દાન એ સર્વશ્રેષ્ઠ કરૂણા છે. શ્રી જિન પ્રવચન હિતોપદેશ રૂપ છે, માટે તે કરૂણામય છે. શ્રી જિનેશ્વરો પુષ્કરાવર્ત મેઘના સ્થાને છે. તે મેઘમાંથી હિતોપદેશ રૂપ અમૃતની વૃષ્ટિ થાય છે. તે વર્ષા વડે ભવ્ય જીવો પરમ શાન્તિને પામે છે. "ગ્લાનની સેવા એ તીર્થંકરોની સેવા છે અને ગ્લાનની ઉપેક્ષા એ તીર્થંકરોની જ ઉપેક્ષા છે." —આ વાકય પણ કરૂણાના માહાત્મ્યને જ કહે છે.

દાન, શીલ, તપ અને ભાવ રૂપ ચાર પ્રકારનો ધર્મ ચતુર્વિધ શ્રીસંઘમાં કરૂણાનું જ માહાત્મ્ય સૂચવે છે. દાન વડે સ્વ અને પરનો ઉપકાર થાય છે, શીલ વડે અને તપ વડે પણ સ્વ-પર દુઃખનું નિવારણ થાય છે. ગૃહિધર્મ અને યતિધર્મ વડે પણ અહિંસાનું પાલન થતું હોવાથી કરૂણા ભાવનાનું પ્રાધાન્ય સૂચવાય છે. જે ધર્માનુષ્ઠાનના મૂળમાં દયા-કરૂણાનો ભાવ નથી, તે ધર્માનુષ્ઠાન વાસ્તવિક ધર્માનુષ્ઠાન ગણાતું નથી. કરૂણામય જિન પ્રવચનનાં રહસ્યો હૃદયમાં કરૂણા ભાવ પ્રગટવાથી જ સમજાય છે. હીનગુણી આત્માઓ પ્રત્યેની કરૂણા અધિક ગુણવાળા આત્માઓની સાથે મેળ કરાવે છે, તેઓની કરૂણાના પાત્ર બનાવે છે અને તેઓની કરૂણાના પ્રભાવે તે અધિક અધિક નવા નવા ગુણોને વિકસાવે છે.

૪—માધ્યસ્થ્ય ભાવના

રાગ અને દ્વેષની વચ્ચે રહે તે મધ્યસ્થ. કોઈ પણ

પ્રસંગમાં રાગ કે દ્વેષ ન થાય, તે માટે પુનઃ પુનઃ ચિન્તનઃ તે માધ્યસ્થ્ય ભાવના છે.

(૧) પાપીવિષયક માધ્યસ્થ્ય–પ્રથમ માધ્યસ્થ્ય અર્થાત્ ઉપેક્ષા ભાવના પાપી જીવો પ્રત્યે છે. પાપી જીવોને પાપથી અટકાવવા માટે પ્રયત્ન કર્યા છતાં, જ્યારે તેઓ પાપથી ન અટકે, ત્યારે તેઓ પ્રત્યે મધ્યસ્થ રહેવું, પરંતુ ચિત્તને ક્રોધાદિ કષાયોથી કલુષિત થવા ન દેવું. આ જાતની મધ્યસ્થ્યતા રાખવાથી તે પાપી જીવ પાપમાં અતિ આગ્રહી બનતો કદાચ અટકી જાય અને તેથી ભવિષ્યમાં તેને સુધારવાની તક કાયમ રહે છે. તેવા પ્રસંગે તેનો તિરસ્કારાદિ કરવાથી તે દ્વેષને ધારણ કરનારો બની જાય અને તેથી વૈરની પરંપરા વધી જાય છે. માધ્યસ્થ્યથી તેનો આપણા પ્રત્યે સદ્‌ભાવ ટકી રહે છે અને તેથી ભવિષ્યમાં તેને સુધારવાની તક આપણા હાથમાં રહે છે. જેમ અપથ્યના સેવનથી રોગીને અકાળે નિવારી ન શકાય તો મધ્યસ્થપણું રાખવું હિતકર છે, તેમ અહિતના સેવનથી નહિ અટકનાર જીવ ઉપર પણ તેવા પ્રસંગે એટલે કે–તેનો સુધારવાનો કાળ નહિ પાકયો હોવાથી આપણું માધ્યસ્થ્ય ટકાવી રાખવું તે ઉભયના હિતમાં છે. માધ્યસ્થ્યથી અમર્ષ અર્થાત્ વૈર લેવાની ઈચ્છા રૂપ ચિત્તમળ ટળે છે.

(૨) વૈરાગ્ય વિષયક માધ્યસ્થ્ય–વૈરાગ્ય એ વૈષયિક સુખ ઉપરની એક પ્રકારની અરુચિ યા દ્વેષ છે. આ દ્વેષ પ્રશસ્ત હોવાથી પુન્યાનુબંધી પુન્યનો હેતુ છે અને તે.

પરિણામે સાંસારિક સુખ ઉપર માધ્યસ્થ્ય અર્થાત્ રાગ–દ્વેષ-રહિતપણું પેદા કરે છે. સુખ ઉપર દ્વેષની જેમ દુઃખ ઉપર રાગ, એ પણ પ્રશસ્ત મનોભાવ હોવાથી, પુન્યાનુબંધી પુન્યનો હેતુ બની પરિણામે માધ્યસ્થ્ય અર્થાત્ રાગ–દ્વેષ-રહિતપણું ઉત્પન્ન કરે છે. વૈષયિક સુખની પાછળ રહેલ જન્મ–મરણાદિ દુઃખની પરંપરાનો વિચાર તથા તેનાથી પુનઃ નવીન નવીન કર્મબંધનતા આદિના વિચારોથી સુખ ઉપર દ્વેષ થાય છે: અને "દુઃખ તો કર્મનિર્જરામાં ઉપકારક તથા પરિણામે દુર્ગતિના દુઃખોના નિવારણમાં કારણભૂત છે."–એ જાતિના વિચારોથી દુઃખ ઉપર રાગ જાગે છે.

(૩) **સુખ વિષયક માધ્યસ્થ્ય**–સુખ વિષયક માધ્યસ્થ્યમાં દૃષ્ટાન્ત શ્રી તીર્થંકર ભગવંતોના ચરમ ભવોનું, તેમજ અનુત્તર વિમાનના દેવો, ધન્ના–શાલિભદ્ર, પૃથ્વીચંદ્ર, ગુણસાગર વગેરે મહાપુરુષોનું છે. પુન્યાનુબંધી પુન્યનો ઉપભોગ કરનારા તે મહાપુરુષો સુખનો ઉપભોગ ઇચ્છારહિતપણે, કેવળ પૂર્વકૃત કર્મના ઉદયે જ કરતા હતા. આ સુખ વિષયક માધ્યસ્થ્ય યોગની ૭ દૃષ્ટિઓમાંથી પસાર થયા પછી આવે છે.

(૪) **દુઃખ વિષયક માધ્યસ્થ્ય**–દુઃખ વિષયક માધ્યસ્થ્યમાં દૃષ્ટાન્ત ભગવાન શ્રી મહાવીરદેવ, ગજસુકુમાલ મુનિ અને બંધક મુનિના શિષ્યો વગેરે છે.

[illegible]

પ્રત્યેક વિચાર પવિત્ર થયેલો હોવાથી, કયા વખતે કયા નયને આગળ કરવાથી સ્વ–પરનું હિત છે, તેનો વિચાર કરીને જ તેઓ તે તે નયને મુખ્ય સ્થાન આપે છે.

માધ્યસ્થ્યને કારણે તેઓનાં વચનો સાગર કરતાં પણ ગંભીર અને ચંદ્રમા કરતાં પણ સૌમ્ય હોય છે. તેઓ કેવળ સત્યના જ આશ્રયે હોવાથી સ્વદર્શન પ્રત્યે રાગ અને પરદર્શન પ્રત્યે દ્વેષ તેઓને રહેતો નથી.

શ્રી જિન પ્રવચન માધ્યસ્થ્ય રસથી છલોછલ ભરેલું છે, કેમ કે–તેના પ્રરૂપક પરમ મધ્યસ્થ શ્રી જિનેશ્વરદેવ છે. નયોનો વિચાર જેમ મધ્યસ્થતા લાવે છે, તેમ કર્મપ્રકૃતિનો વિચાર પણ મધ્યસ્થતાને ઉત્પન્ન કરે છે. કર્મવિપાક ચિંતનથી પણ જીવ મધ્યસ્થ બની શકે છે. સર્વ અનુષ્ઠાનનાં ફળો પ્રત્યે પણ મધ્યસ્થ ભાવ જાગે છે. સર્વ અનુષ્ઠાનો કર્મક્ષયને ઉદ્દેશીને અથવા પ્રભુ–આજ્ઞાપાલનના ઉદ્દેશથી કરવામાં આવે છે. કર્મક્ષયના ઉદ્દેશથી થતું અનુષ્ઠાન શ્રી સિદ્ધ ભગવંતોને અર્પણ થાય છે અને આજ્ઞાપાલનના ઉદ્દેશથી કરવામાં આવતું અનુષ્ઠાન શ્રી અરિહંત ભગવંતોને અર્પણ થાય છે. આ [illegible]

[illegible]

રાગ-દ્વેષરહિત બનાવવા માટે છે. શ્રી વીતરાગ ભગવંતની મુદ્રા પણ મધ્યસ્થ ભાવની દ્યોતક છે. ઉત્સંગમાં રામા નથી અર્થાત્ હૃદયમાં રાગ નથી અને હાથમાં શસ્ત્ર નથી અર્થાત્ હૃદયમાં દ્વેષ નથી, એ જ વસ્તુ માધ્યસ્થ્યની દ્યોતક છે.

શ્રી નવકાર મહામંત્ર પણ માધ્યસ્થ્યમય છે. તેમાં શ્રી પંચપરમેષ્ઠિઓનું સ્મરણ છે, કેમ કે-તેઓ પૂજ્ય છે. પૂજ્યતા મધ્યસ્થ ભાવ વિના આવતી નથી. આ રીતે મધ્યસ્થ ભાવના પણ નવકારનો સાર છે, તેથી તે પરંપરાએ ચૌદ પૂર્વનો પણ સાર બને છે.

અહિંસા, સત્ય, અચૌર્ય વગેરે ધર્મો પણ મધ્યસ્થતાના વિવિધ પ્રકારો છે. હિંસામાં સ્વાર્થ અને વૈર હોય છે. સ્વાર્થ એ રાગ અને વૈર એ દ્વેષ છે. અહિંસામાં તે બન્નેનો અભાવ છે. જો રાગ અને દ્વેષ હોય, તો જ અસત્ય બોલાય છે. સત્ય વચન વખતે તે બન્નેનો અભાવ છે. માધ્યસ્થ્ય વિના શ્રેષ્ઠ જીવન સંભવતું નથી. જ્યાં જ્યાં માધ્યસ્થ્યનો ભંગ થાય છે, ત્યાં ત્યાં કલેશ, ભય, રાગ અને શોક વગેરે ઉભા થાય છે. શક્તિ કરતાં અધિક આહાર લેવાથી રોગ થાય છે અને અધિક બોલવાથી વૈર-વિરોધ થાય છે. આ જગતમાં જે કાંઈ દુઃખો છે, તે માધ્યસ્થ્યને ન જાળવવાના પરિણામે હોય છે. આથી જ કહ્યું છે કે-જે દમ ખાઓ, ગમ ખાઓ, તો શરીર અને મન એ બન્નેના મારથી બચાય છે. જિન પ્રવચન માધ્યસ્થ્યમય હોવાથી, તેનાં રહસ્યો અને ગુપ્ત અર્થો મધ્યસ્થ પુરૂષોની આગળ જ પ્રગટ થાય છે.

મધ્યસ્થ શબ્દમાં 'મધ્ય'નો અર્થ કેન્દ્ર થાય છે અને 'સ્થ' એટલે તેમાં–કેન્દ્રમાં રહેવું તે. બધી પ્રવૃત્તિઓનું કેન્દ્ર આત્મા છે. પ્રવૃત્તિઓ તે ચક્ર છે. પ્રત્યેક ચક્ર (Circle)ને કેન્દ્ર (Center) હોય જ છે. તે રીતે રાત–દિવસ થતી મન, વચન અને કાયાની જે બધી પ્રવૃત્તિઓ છે, તેઓનું પણ કેન્દ્ર એક જ છે અને તે આત્મા છે. આત્મા તરફ લક્ષ્ય કેન્દ્રિત કરીને જે કાંઈ પ્રવૃત્તિ થાય, તે બધી મધ્યસ્થ કહેવાય.

મધ્યસ્થ માણસ તે કહેવાય છે, કે જે બધાનું સાંભળે પણ કોઈમાં ખેંચાય નહિ. તેનું ખેંચાણ માત્ર સત્ય તરફ જ હોય છે. અહીં સત્ય એક આત્મા છે, કેમ કે–તે જ કાયમી રહેનાર છે અને તે જ ચિદ્ઘન અને આનંદઘન છે. આથી જ્ઞાન–જ્યોતિ અને આનંદનો પ્રકાશ બધો તેમાંથી જ છે-તેના આધારે છે. આથી પ્રવૃત્તિ માત્રનું મૂળ કેન્દ્ર આત્મા છે. તેનું કદી પણ વિસ્મરણ ન થવા દેવું. તે કેન્દ્રસ્થ એટલે મધ્યસ્થ છે, માટે તેને ન્યાયાધીશની ઉપમા પણ આપી શકાય. અથવા અનેક સંતાનોનો પિતા જેમ બધાં સંતાનો પ્રત્યે મધ્યસ્થ ભાવ રાખે છે, તેના જેવી ઉપમાવાળો આત્મા છે.

ગુણ માત્રની ઉત્પત્તિ મધ્યસ્થ ભાવમાંથી થાય છે. જીવ માત્ર પ્રત્યેની મૈત્રી, ગુણી માત્ર પ્રત્યેનો પ્રમોદ, દુઃખી માત્ર પ્રત્યેની કરુણા અને પાપી માત્ર પ્રત્યેની ઉપેક્ષા, તે બધાં મધ્યસ્થ ભાવના જ વિવિધ પ્રકારો છે. સુખ–દુઃખ પ્રત્યેનું માધ્યસ્થ્ય તે વૈરાગ્ય કહેવાય છે. નિત્યાનિત્ય પ્રત્યેનું માધ્યસ્થ્ય તે વિવેક કહેવાય છે. માધ્યસ્થ્ય એ [illegible]

વિવેક-બુદ્ધિજન્ય હોય છે. વિવેક બુદ્ધિ, ન્યાય બુદ્ધિ, શુદ્ધ બુદ્ધિ, નિષ્પક્ષ બુદ્ધિ, મધ્યસ્થ બુદ્ધિ વગેરે એક જ અર્થને કહેનારા ભિન્ન ભિન્ન શબ્દો છે. ન્યાયબુદ્ધિ એ સત્યનો પક્ષપાત છે. અહિંસાદિ વ્રતો, ક્ષમાદિ ધર્મો, દાન કે પૂજન આદિ શુભ પ્રવૃત્તિઓ એ ન્યાયબુદ્ધિનું ફળ છે. સર્વ પ્રકારનાં શુભ અનુષ્ઠાનો અને સર્વ પ્રકારનાં સુભાષિતો ન્યાય બુદ્ધિવાળા, મધ્યસ્થ વૃત્તિવાળા અને આત્મસ્થિત મહાપુરૂષોના હૃદયમાંથી નીકળેલાં છે, તેથી તે ઉપાદેય બને છે. સામાયિક ધર્મ પણ મધ્યસ્થ, ભાવનો દ્યોતક છે, કારણ કે-પરમ મધ્યસ્થ એવા શ્રી જિનેશ્વર ભગવંતોએ તેને પ્રથમ જીવનમાં જીવી, તેનું ફળ પ્રાપ્ત કરીને, વિશ્વ-કલ્યાણને માટે તેનો ઉપદેશ આપ્યો છે.

卐

ધર્મની વ્યાખ્યા

'यतोऽभ्युदयनिःश्रेयससिद्धिः स धर्मः ।'

જેનાથી અભ્યુદય અને નિઃશ્રેયસની સિદ્ધિ થાય, તે ધર્મ. ધર્મની આ વ્યાખ્યા સર્વ આસ્તિક દર્શનકારોને માન્ય છે. અભ્યુદય એટલે પૌદ્ગલિક આબાદી. નિઃશ્રેયસ એટલે આધ્યાત્મિક શ્રેય. ધર્મથી જેમ આધ્યાત્મિક શ્રેય સધાય છે, તેમ પૌદ્ગલિક આબાદીનું કારણ પણ ધર્મ જ છે. પૌદ્ગલિક આબાદી એટલે ભૌતિક ઉન્નતિ, ભૌતિક સુખોની સિદ્ધિ. સુખ બે પ્રકારનાં. એક પુદ્ગલનાં સંયોગથી થનારાં અને બીજાં પુદ્ગલનાં સંયોગ વિના થનારાં. પુદ્ગલનાં સંયોગથી થનારાં સુખો એ ભૌતિક સુખો છે. કોઈ પણ પુદ્ગલનાં સંયોગ વિના કેવળ આત્મપદાર્થથી ઉત્પન્ન થનારું સુખ એ આધ્યાત્મિક સુખ છે. આધ્યાત્મિક સુખની સિદ્ધિ નિર્જરાવાળા ધર્મથી છે. પૌદ્ગલિક સુખની સિદ્ધિ એ પુણ્યવાળા ધર્મથી છે. જેમાં શુભ કર્મનો બંધ એ હેતુ છે, તે પુણ્યવાળો છે. જેમાં પુણ્ય અને પાપ ઉભયનો ક્ષય એ હેતુ છે, તે નિર્જરાવાળો ધર્મ છે.

નિર્જરાવાળો ધર્મ મોક્ષ આપે છે. પુણ્યવાળો ધર્મ સંસારનાં વિવિધ પ્રકારનાં સુખોનો અનુભવ કરાવે છે. એ સુખો પદ્ગલની પ્રાપ્તિથી થનારાં હોવાથી આદિ અને અંતવાળાં છે. પદ્ગલની પ્રાપ્તિ વિના કેવળ આત્મામાંથી

ઉપજનારાં આધ્યાત્મિક સુખો છે, તેની આદિ છે પણ અંત નથી.

આજનાં કાળમાં ભૌતિક સુખોને મોટી પ્રતિષ્ઠા પ્રાપ્ત થયેલી છે. ભૌતિક સુખોની સિદ્ધનું કારણ વિજ્ઞાન મનાય છે. વિજ્ઞાનની વિવિધ શોધોથી ભૌતિક સુખોનાં સાધન વધ્યા છે અને વધે છે. ઉત્તમ પ્રકારનાં રૂપ, રસ, ગંધ, સ્પર્શ અને ઉત્તમ પ્રકારનાં શબ્દ તેમ જ તે બધાની પ્રાપ્તિ એ આજનાં મોટા ભાગના મનુષ્યોનું ધ્યેય હોય છે. એ ધ્યેયની સિદ્ધિ વિજ્ઞાનથી થતી દેખાય છે, તેથી મનુષ્ય તે તરફ ખેંચાતો જાય છે; પરંતુ તેનું આકર્ષણ તેને સુખના ખરા માર્ગે લઈ જવાને બદલે ખોટા માર્ગે લઈ જાય છે.

સુખનો ખરો માર્ગ હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મચર્ય કે પરિગ્રહ નથી, કિન્તુ અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ છે. સુખ એ અપીડા રૂપ છે. બીજાને પીડા આપવાથી અપીડા રૂપ સુખનાં અધિકારી બની શકાતું નથી. હિંસા, અસત્ય વગેરે બીજાને પીડવાનાં માર્ગ છે, તેથી પાપસ્વરૂપ છે. તેનાથી સુખની આશા રાખવી એ નિરર્થક છે. વિજ્ઞાનથી નિપજનારાં ઉત્તમ પ્રકારનાં રૂપ-રસાદિનો ભોગ કે તેની પ્રાપ્તિ પાપ કર્યા વિના થઈ શકતી નથી. પાપનાં માર્ગે સુખની શોધ એ અવળો ધંધો છે. તેથી રૂપ-રસાદિની પ્રાપ્તિ માટે વિજ્ઞાનનાં માર્ગે આગળ વધનારા પાપનાં માર્ગે જ આગળ વધે છે અને પાપનાં માર્ગે આગળ વધનારાં સાચા સુખની પ્રાપ્તિ કરી શકે, એ ત્રિકાળમાં અશક્ય છે.

શાસ્ત્રકારોની દૃષ્ટિએ ભૌતિક સુખની સિદ્ધિનો આધાર પણ ધર્મ જ છે અને તે પુણ્ય રૂપી ધર્મ છે. આ પુણ્ય રૂપી ધર્મની સિદ્ધિ માટે શાસ્ત્રકારો 'આદ્ય બાલશરીર'નું દૃષ્ટાન્ત આપે છે. યુવાન શરીરનું કારણ જેમ બાલશરીર છે, તેમ બાલશરીરનું કારણ પણ કોઈ હોવું જોઈએ. બાલશરીરનું કારણ જો ગર્ભશરીર માનીએ, તો આદ્ય ગર્ભશરીરનું પણ કોઈ મૂળ કારણ હોવું જોઈએ. તેનું જ નામ કર્મશરીર છે. શાસ્ત્રકારોની ભાષામાં તેને કાર્મણશરીર કહેવાય છે અને તે શુભાશુભ કર્મનાં પુંજ રૂપ છે. શુભ શરીરનું આદ્ય કારણ પુણ્યકર્મ છે. અશુભ શરીરનું પ્રથમ કારણ–મૂળ કારણ પાપકર્મ છે. એકને ધર્મ કહેવાય છે. અને બીજાને અધર્મ કહેવાય છે. એ રીતે ભૌતિક શુભ શરીર એ ભૌતિક શુભ કર્મની નિપજ છે. જો શરીરની નિપજ કર્મથી છે અને કર્મ સિવાય અન્ય કોઈ વસ્તુથી તે નથી, તો પછી એ શરીરને સારાં નરસાં સાધનો અને એ શરીરને સુખ-દુઃખનાં શુભાશુભ નિમિત્તોની ઉત્પત્તિનું આદિમ કારણ પણ કર્મ જ છે, બીજું કોઈ જ નથી.

[illegible]

નવાં પાપ બંધાવે, તે પાપાનુબંધી પુણ્ય) ધર્મનું ફળ હોવાથી ત્યાજ્ય છે.

જે ભૌતિક સુખોની ઉત્પત્તિમાં પાપ નથી, રક્ષણમાં ક્લેશ નથી, વર્તમાનમાં દુઃખ નથી, ભવિષ્યમાં દુર્ગતિ નથી, અનાયાસે જે સિદ્ધ થાય છે, અનીતિપૂર્વકનાં ભોગોમાં જેનો દુર્વ્યય નથી તથા ધર્મોન્નતિ અને ધર્મવૃદ્ધિમાં જ જેનો સદુપયોગ છે,' એવાં સુખોની પ્રાપ્તિ પુણ્યાનુબંધી પુણ્ય રૂપી ધર્મનાં સંબંધથી છે. તે ઉત્તરોત્તર શુભ ગતિની પ્રાપ્તિમાં નિમિત્તભૂત બનીને જીવને અંતે અપવર્ગનાં અવ્યાબાધ સુખોની પ્રાપ્તિ કરાવે છે. તેનું જ નામ નિઃશ્રેયસ છે. નિઃશ્રેયસનાં સુખ એ નિરૂપાધિક છે અર્થાત્ પરદ્રવ્યનાં સંયોગ વિના જ થાય છે. એ સુખોનો આધાર કેવળ આત્મા જ છે. આત્માનાં સ્વરૂપમાંથી ઉત્પન્ન થતાં સુખો એ જ પારમાર્થિક સુખો છે. તેની પ્રાપ્તિનો આધાર નિર્જરા રૂપી ધર્મ છે. એ રીતે શુભાશુભ કર્મના ક્ષયથી મળતાં અવ્યાબાધ સુખો એ નિર્જરા અથવા અનાશ્રવ રૂપ ધર્મની [illegible] છે. [illegible] દુઃખને દૂર કરવાનો ઉપાય [illegible] શુભાશ્રવ રૂપ કે અનાશ્રવ રૂપ નિર્જરા [illegible] છે.

ધર્મની ઓળખ

દુનિયામાં બે પ્રકારના પદાર્થો છે. તે કેટલાક દશ્ય છે અને કેટલાક અદશ્ય છે. દશ્ય પદાર્થોને દેખવા માટે ચક્ષુ આદિ ઈન્દ્રિયો સિવાય બીજાં સાધનોની જરૂર પડતી નથી. અદશ્ય પદાર્થો કેવળ ઈન્દ્રિયોથી જોઈ શકાતા નથી. તેને જોવા માટે બીજા પદાર્થોની સહાય લેવી પડે છે.

જેમ કે-પર્વતની ટોચ ઉપર રહેલા અગ્નિને જાણવા માટે, નીચે રહેલા માણસને એ અગ્નિમાંથી અવિચ્છિન્ન ધારાએ નીકળેલી ધૂમલેખાની સહાય લેવી પડે છે અને એ ધૂમલેખાને જોઈને તે પુરુષ પોતાની આંખને અદશ્ય એવા અગ્નિને પણ જાણી શકે છે.

એ જ વાત છે ભૂતળના તળ નીચે છૂપાયેલા વૃક્ષના મૂળને જાણવાની કે આકાશના વાદળ નીચે છૂપાયેલા સૂર્યના કિરણને જાણવાની. વૃક્ષના પાન જો લીલાછમ છે કે ફૂલ અને ફળ નિયમિતપણે ઉગે છે, તો તે વૃક્ષનું મૂળ ભૂમિકામાં અવશ્ય સાજું, તાજું અને અખંડિત છે-એમ નિશ્ચિત થાય છે. અથવા વાદળની ઘનઘોર છાયા વખતે હજુ રાત્રિ થઈ નથી પણ દિવસ છે-એમ સમજી શકાય છે, તો તે અભ્રપટલની પાછળ સૂર્ય હજુ ગતિ કરી રહ્યો છે પણ અસ્ત પામી ગયો નથી-એ વાત પણ નક્કી થાય છે. અદશ્ય મૂળ

જેમ ફળથી અને અદૃશ્ય સૂર્ય જેમ દિન–રાત્રિના વિભાગથી જાણી શકાય છે, તેમ જીવાત્મામાં રહેલો અદૃશ્ય ધર્મ પણ તેના કાર્યથી જાણી શકાય છે.

ભૂતકાલીન ધર્મ તેના ફલસ્વરૂપ વર્તમાનકાલીન સંપત્તિથી જાણી શકાય છે અને વર્તમાનકાલીન ધર્મ તેના કાર્યસ્વરૂપ ઔદાર્યાદિ ગુણોથી જાણી શકાય છે.

અમુક વ્યક્તિના ભીતરમાં ધર્મ છે કે નહિ? અને છે તો તે કેવી રીતે જાણી શકે?–એ પ્રશ્નનો જાણે સ્પષ્ટ ઉત્તર ન આપતાં હોય, તેમ પૂ. આચાર્યભગવંત શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ એક સ્થળે ફરમાવે છે કે—

"औदार्यं दाक्षिण्यं, पापजुगुप्साऽथ निर्मलो बोधः ।
लिङ्गानि धर्मसिद्धेः, प्रायेण जनप्रियत्वं च ॥ १ ॥"

અર્થ- ઔદાર્ય, દાક્ષિણ્ય, પાપજુગુપ્સા, નિર્મળ બોધ તથા જનપ્રિયત્વ-એ ધર્મસિદ્ધિનાં પ્રધાન લિંગો છે.

જે આત્મામાં ઉદારતાદિ પાંચ લક્ષણો પ્રગટ્યાં છે, તે આત્માની ભીતરમાં ધર્મ રહેલો છે, કારણ કે–ધર્મસિદ્ધિના એ નિશ્ચિત લિંગો છે: ઉદારતાદિ ચિહ્નો એ આત્માની અંદર છૂપા રહેલા ધર્મને જ પ્રગટ કરનારા છે.

[illegible] ઔદાર્યાદિ ગુણો એ ધર્મવૃક્ષનાં મૂળ [illegible]

કે તે વૃક્ષના અખંડિત મૂળની આવશ્યકતા છે; અને તે મૂળનું જ નામ નિર્મળ ધર્મ છે.

આત્મામાં રહેલો તે ધર્મ વર્તમાનકાળે ઉદારતાદિ ગુણો રુપી અંકુરાદિ દ્વારા પ્રગટ થાય છે અને આગામી કાળે સુર-નરની સંપત્તિ રૂપી પુષ્પો અને સિદ્ધિના અનંતા સુખો રૂપી ફળો રૂપે પ્રગટ થાય છે. જે આત્મામાં ઉદારતાદિ ગુણો હજુ પ્રગટયા નથી, તે આત્મા બહારથી ધર્મની આરાધના કે સાધના કરતો હોય, તો પણ અંદરથી ધર્મને પામેલો જ છે-એવો નિશ્ચય કરી શકાતો નથી.

ધર્મવૃક્ષનો પ્રથમ અંકુરો ઔદાર્ય છે દાન નહિ પણ ઔદાર્ય. દાન અને ઔદાર્યમાં ભેદ છે સામાને જરૂર છે અને અપાય છે-એ દાન છે અને પોતાને દાતાને દાન કરવાની જરૂર છે અને અપાય છે-એ ઔદાર્ય છે. જે દાન અપાય છે શક્તિ મુજબ, પણ આપવાની ભાવના છે સર્વસ્વની, તે દાન ઔદાર્ય ગુણથી ભરપૂર છે. જે દાન શક્તિ મુજબ પણ અપાતું નથી, એટલું જ નહિ પણ આપવાની પાછળ લેનારની જરૂરીઆતને જ આગળ કરવામાં આવેલી હોય છે, તે દાન ઔદાર્યની આમીવાળું છે. ઉદાર આત્મા દાન લેનારની જરૂરીઆતને જેટલી અગત્યતા આપે છે, તેથી કેઈ ગુણી અધિક અગત્યતા પોતાને આપવાની માને છે. દાન નહિ દેવાથી સામાનું કાર્ય બગડી જવાનો ભય તેને તેટલો લાગતો નથી, કે જેટલો ભય દાન નહિ આપવાથી પોતાનું બગડી જવાનો તેને લાગે છે. અથવા આપીને કેટલું

આપ્યું, તે ગણાવવાની વૃત્તિ કરતાં કેટલું નથી આપ્યું તે ગણાવવાની વૃત્તિ તેના હૃદયમાં સદા રમતી હોય છે, એ ઔદાર્યનું લક્ષણ છે. અને એ જાતિનું ઔદાર્ય એ ધર્મ રૂપી વૃક્ષનો પ્રથમ અંકુર છે. ધર્મ આત્મામાં પરિણામ પામ્યો છે કે નહિ ?–તે જાણવાનું એ પ્રથમ લક્ષણ છે: બીજું લક્ષણ દાક્ષિણ્ય છે.

કોઈની પણ પ્રેરણા વિના થતું દાન, એ ઔદાર્ય ગણાય છે અને કોઈની પણ પ્રેરણા કે યાચના બાદ થનારું કાર્ય, એ દાક્ષિણ્ય છે.

કોઈની પણ માગણીને છતી શક્તિએ નકારતાં સંકોચ થવો, એ દાક્ષિણ્ય છે. દાક્ષિણ્ય વિનાનું ઔદાર્ય એ સુવાસ વિનાના પુષ્પ જેવું છે કે રસ વિનાના કૂપ જેવું છે. જેમ સુંદર પણ પુષ્પ જો સુવાસ વિનાનું હોય તો તેને કોઈ સૂંઘતું નથી કે જળથી ભરપૂર પણ કૂપ જો રસ વિનાનો હોય તો અંતે સુકાઈ જાય છે, તેમ યાચનાનો ભંગ ન કરવા રૂપ દાક્ષિણ્ય સદ્ગુણ જેનામાં પ્રગટ્યો નથી, તે આત્મા ઉદાર હોય તો પણ તેની ઉદારતા સદાકાળ ટકતી નથી કે બીજા આત્માઓને તે સદાકાળ લાભ આપતો નથી.

ધર્મ-પ્રાપ્તિનું ત્રીજું લક્ષણ પાપજુગુપ્સા છે. પાપ [illegible]

દાક્ષિણ્ય સ્વ-પરના ફાયદા માટે થવાને બદલે કેટલીક-વાર નુકસાનને માટે થવાનો વધારે સંભવ છે. એ કારણે ધર્મી આત્માના અંતઃકરણમાં ચોથું લક્ષણ નિર્મળ બોધ પણ છે. એથી એ પાપ-પુણ્યનો ભેદ સમજી શકે છે અને પાપનો પરિહાર તથા પુણ્યનો સ્વીકાર કરવાના કાર્યમાં સદા સાવધાન રહી શકે છે. એના પ્રભાવે તેનું ઔદાર્ય કે દાક્ષિણ્ય પાપના માર્ગે ઘસડાઈ જતું બચે છે. ધર્મનું ચોથું લક્ષણ નિર્મળ બોધ છે, તેથી તેના કારણે આત્મામાં સદા પાપની જુગુપ્સા જાગતી રહે છે અને તેનાથી જ પુણ્યની પ્રશંસા પણ તેના આત્મામાં સદાકાળ રમતી હોય છે. વળી તેના જ કારણે તેના ઔદાર્ય-દાક્ષિણ્યાદિ સદ્ગુણો અને સદુ-પયોગ પણ વધતો રહે છે; અને પરિણામે તે આત્મા આ લોકમાં યશકીર્તિનો અને પરલોકમાં સદ્ગતિનો ભાગી થઈ શકે છે.

卐

સામાયિક ધર્મ

રાગ-દ્વેષનાં અભાવ રૂપ આત્માનાં મધ્યસ્થ પરિણામ અને તે વડે થતો જ્ઞાન, દર્શન અને ચારિત્ર રૂપ ગુણોનો આત્માને જે લાભ, તેને શાસ્ત્રકાર ભગવંતો સામાયિક ધર્મ કહે છે.

" समानां मोक्षं प्रति समानसामर्थ्यानां ज्ञानदर्शनचारित्राणामायः=लाभः समायः, स एव सामायिकम् ।"

જ્ઞાન એટલે મોક્ષ પ્રાપ્ત કરવા માટે સમાન સામર્થ્યવાળા, આત્માનાં જ્ઞાન દર્શન ચારિત્ર રૂપ ગુણો, તેનો લાભ એટલે સામાયિક. જે પરિણામને ધારણ કરવાથી આત્મા સમાધિવાળો બને, રાગ-દ્વેષરહિત બને, સર્વ પ્રાણીઓને પોતાનાં આત્માની જેમ જુએ, તે સામાયિકનો પરિણામ છે. સામાયિક એ સર્વ મૂળ ગુણોનાં આધારભૂત છે, સર્વ [illegible] આચારોનાં ભાગ રૂપ છે. કહ્યું છે કે-

" सामायिकं गुणानामाधारः, खमिव सर्वभावानाम् ।
न हि सामायिकहीनाश्चरणादिगुणान्विता येन ॥ १ ॥ "

" [illegible] सामायिकमेव निरुपमोपायम् ।
[illegible] ॥ २ ॥ "

[illegible]

એવા જીવોને ચારિત્રાદિ ગુણો પ્રાપ્ત થઈ શકતા નથી. તે કારણે શારીરિક અને માનસિક અનેક દુઃખોનાં નાશ રૂપ મોક્ષનો નિરૂપમ ઉપાય બતાવવાને એક સામાયિકને જ કહ્યો છે."

જીવ જ્યારે સમપરિણામવાળો બને છે, ત્યારે પ્રતિક્ષણ નવા નવા જ્ઞાન-દર્શન-ચારિત્રનાં પર્યાયોને પામે છે જ્ઞાન, દર્શન અને ચારિત્રના આ પર્યાયો સંક્લેશનાં વિચ્છેદક અને નિરૂપમ સુખનાં હેતુ છે. તેથી તેને શાસ્ત્રમાં ચિન્તામણી, કલ્પતરૂ અને કામધેનુથી પણ અધિક પ્રભાવશાળી કહ્યા છે. અચિન્ત્ય પ્રભાવશાળી આ સામાયિકનાં પરિણામની પ્રાપ્તિ જીવને સર્વ સાવદ્ય યોગોનો ત્યાગ કરવાથી અને નિરવદ્ય યોગોનુ સેવન કરવાથી થાય છે. વસ્તુતઃ સર્વ જીવો સાથે મૈત્રી આદિ પ્રશસ્ત ભાવોને ધારણ કરવાં, એ જ સામાયિક છે. પરંતુ આ ભાવોને જીવનમાં સક્રિય રૂપ આપવા માટે સર્વ સાવદ્ય યોગોનાં ત્યાગની અને નિરવદ્ય યોગોનાં સેવનની પ્રતિજ્ઞા લેવી પડે છે. એ પ્રતિજ્ઞાના ગ્રહણ અને આસેવનને સામાયિક વ્રત કહેવામાં આવે છે. આ સામાયિક વ્રતનું જ બીજું નામ અહિંસાધર્મ છે.

અહિંસાધર્મમાં આત્મૌપમ્યની દૃષ્ટિ છે અને એ જ દૃષ્ટિ સામાયિક વ્રતમાં છે. જીવનમાં અહિંસાનો પરિપૂર્ણ અમલ કરવા માટે સામાયિક વ્રતની પ્રતિજ્ઞા અનિવાર્ય છે. સામાયિકનો સીધો અર્થ સમતા છે.

"आत्मनः प्रतिकूलानि परेषां न समाचरेत्।"–'પોતાને-

'પ્રતિકૂલ વસ્તુઓ બીજાઓ પ્રત્યે ન આચરવી એ ધર્મનો સાર છે.' સર્વ જીવો જીવવાને ઇચ્છે છે, કોઈ મરવાને ઇચ્છતું નથી. તું પણ જીવવાને ઇચ્છે છે, મરવાને ઇચ્છતો નથી: માટે તારે કોઈ પણ પ્રાણીની હિંસા ન કરવી કે ન કરાવવી–એ તારો ધર્મ છે. જેઓને ધર્મની જરૂર છે, તેઓએ જીવનમાં અહિંસાને સ્થાન આપવું જ જોઈએ; અને કોઈ પણ જીવની થોડી પણ હિંસા જો પોતાનાં પ્રમાદથી થાય, તો તેને અધર્મનું કારણ માનવું જોઈએ. આવી નિરપવાદ અહિંસાને સિદ્ધ કરવા માટે પ્રતિજ્ઞા પણ આકરી જોઈએ અને તેનાં પાલન માટેનાં નિયમો પણ દૃઢ જોઈએ.

અહિંસા એ ધર્મ છે તથા તેની સિદ્ધિ માટે સત્યાદિ વ્રતો અને બ્રહ્મચર્યાદિ નિયમોનો ઉપદેશ ઓછે-વત્તે અંશે સર્વ ધર્મોમાં અપાયેલો છે. સામાયિકની પ્રતિજ્ઞામાં તે ઉપદેશને પૂર્ણતાએ પહોંચાડવામાં આવ્યો છે. કહ્યું છે કે–

"निरवद्यमिदं ज्ञेयं, एकान्तेनैव तत्त्वतः ।
कुशलाशयरूपत्वात्, सर्वयोगविशुद्धितः ॥ १ ॥"

અર્થ: "કુશલાશયરૂપ હોવાથી અને સર્વ યોગોની વિશુદ્ધિ કરનાર હોવાથી, આ સામાયિકને પરિપૂર્ણ તાત્વિક અને એકાન્તે નિરવદ્ય છે."

[illegible] પરિપૂર્ણ છે. સામાયિકમાં [illegible] અહિંસા [illegible]

આચરવું પણ છે, તેથી તે એકાન્ત નિરવદ્ય છે. એ કારણે સામાયિકની પ્રતિજ્ઞા અંગીકાર કરનારથી પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ જેવા સૂક્ષ્મ જીવોની હિંસા પણ થઈ શકતી નથી અને તે હિંસાથી બચવા માટે ખાવા, પીવા, બેસવા, ઉઠવા, બોલવા, ચાલવા, સુવા અને જાગવા જેવી ક્રિયા કરતી વખતે પણ ઘણું સંભાળપૂર્વક જીવન જીવવું પડે છે. એનું જ નામ સક્રિય અહિંસા અને આત્મીપમ્ય દૃષ્ટિનું અક્રિય પાલન છે.

સામાયિકની પ્રતિજ્ઞાનાં અર્થથી પ્રરૂપક શ્રી તીર્થંકરદેવો છે અને સૂત્રથી રચના કરનારા શ્રી ગણધર ભગવંતો છે.

સામ, સમ અને સમ્મ-એ ત્રણ સામાયિકનાં પર્યાય શબ્દો છે. સામ એટલે મધુર પરિણામ-સર્વ જીવો સાથે મૈત્રીનાં પરિણામ. સમ એટલે ત્રાજવા જેવા સમાન પરિણામ-સર્વ સંયોગો અને વિયોગો પ્રત્યે સરખા પરિણામ. સમ્મ એટલે ખીર-ખાંડની જેમ પરસ્પર મળી જવાનાં પરિણામ-જ્ઞાન, દર્શન અને ચારિત્રની એકતાનો પરિણામ. ચારિત્ર રૂપ ખીરની સાથે જ્ઞાન-દર્શન રૂપી ખાંડ અને સાકરનું એકત્ર મળી જવું, તે સમ્મ પરિણામ છે. ટૂંકમાં સામાયિક એ સર્વ પાપવ્યાપારોનાં ત્યાગની અને નિષ્પાપ વ્યાપારોનાં સેવનની પ્રતિજ્ઞા રૂપ છે. તેથી તેમાં સર્વ જીવોની મૈત્રી, સર્વ સંયોગોમાં માધ્યસ્થ્ય અને સર્વ સદ્‌ગુણોનાં પાલન પ્રત્યેનો ઉત્સાહ વગેરે પ્રશસ્ત અધ્યવસાયો રહેલાં છે.

સામાયિકનાં મુખ્યત્વે ચાર પ્રકારો છે. શ્રુત સામાયિ-

સમ્યક્ત્વ સામાયિક, દેશવિરતિ સામાયિક અને સર્વવિરતિ સામાયિક.

શ્રુત સામાયિક અમુક સમય સુધી શાસ્ત્રપાઠ ભણવાનાં નિયમ રૂપ છે. સમ્યક્ત્વ સામાયિક શ્રદ્ધાગુણની શુદ્ધિ રૂપ છે. દેશવિરતિ સામાયિક બે ઘડી પ્રમાણ સાવદ્ય વ્યાપારનાં ત્યાગનાં નિયમ રૂપ છે. સર્વવિરતિ સામાયિક જીવનપર્યંત નિરવદ્ય વ્યાપારનાં પાલનની પ્રતિજ્ઞા રૂપ છે.

બીજી રીતે શ્રુત સામાયિક શાસ્ત્રાભ્યાસ વડે થઈ શકે છે. સમ્યક્ત્વ સામાયિક શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્ય આદિ ગુણોનાં આસેવન વડે થઈ શકે છે. દેશવિરતિ સામાયિક સ્થૂલ હિંસા, સ્થૂલ અસત્ય, સ્થૂલ ચોરી વગેરે પાપવ્યાપારોને તજવા વડે થઈ શકે છે. સર્વવિરતિ સામાયિક હિંસાદિક પાપપ્રવૃત્તિઓનો સર્વથા ત્યાગ કરવા વડે થઈ શકે છે.

સામાયિકને શ્રાવકનાં બાર વ્રતોમાંનું નવમું વ્રત ગણ્યું છે. તેને શિક્ષાવ્રત કહેવાય છે. શિક્ષા એટલે અભ્યાસ—આત્માની નિર્મળતાનો અભ્યાસ, પાપોથી વિરક્ત થવાનો અભ્યાસ. [illegible] કેળવવાનો અભ્યાસ.

[illegible]

એમાં રાગ-દ્વેષ ન કરવા રૂપ સમતાવૃત્તિ કેળવાય છે. સામાયિક કરવું એટલે ચિત્તવૃત્તિને શાન્ત કરવાનો અભ્યાસ કરવો. સમભાવમાં સ્થિર થવાનો, મધ્યસ્થ ભાવને કેળવવાનો અને સર્વ જીવો પ્રત્યે સમાન વૃત્તિ અર્થાત્ સર્વાત્મભાવને કેળવવાનો પ્રશસ્ત અભ્યાસ, એનું જ બીજું નામ સામાયિક છે.

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી પણ એ સામાયિક ચાર પ્રકારનું છે. દ્રવ્યથી ધર્મોપકરણને છોડીને બીજા સર્વ દ્રવ્યોનો ત્યાગ કરવો, ક્ષેત્રથી સામાયિક કરવા જેટલી જગ્યાને છોડીને બીજી જગ્યાનો ત્યાગ કરવો, કાળથી બે ઘડી પર્યંત સામાયિકમાં રહેવાનો નિર્ણય કરવો અને ભાવથી રાગ-દ્વેષરહિતતા અને સમભાવસહિતતા અથવા અશુભ ધ્યાનનો ત્યાગ અને શુભ ધ્યાનનો સ્વીકાર કરવો. અશુભ ધ્યાન આર્ત્ત અને રૌદ્રસ્વરૂપ છે. એ બે ધ્યાનનો ત્યાગ કરવા માટે મૈત્ર્યાદિ ચાર અને અનિત્યત્વાદિ બાર ભાવનાઓનો વિચાર કરવો; તથા વચન અને કાયાનાં અશુભ વ્યાપારોથી બચવા માટે તેટલા વખત સુધી સર્વ સાંસારિક પ્રવૃત્તિઓનો ત્યાગ કરવો.

સામાયિકની આ પ્રતિજ્ઞા વટેમાર્ગુને વૃક્ષની છાયાની જેમ સંસારનાં ત્રિવિધ તાપથી સંતપ્ત આત્માને શાન્તિ લેવા માટેનું પરમ વિશ્રામ સ્થળ છે, તેમજ પાપનો અંધકાર દૂર કરવા માટે અને આત્માનો આંતરિક પ્રકાશ મેળવવા માટેનું અદ્વિતીય સાધન છે.

આ વ્રત જીવને અધ્યાત્મ માર્ગનાં રસ્તે ચઢાવવા-

માટેનો પરમ ભોમીઓ છે, તેમ જ દુર્ગતિનાં દ્વારની અર્ગળા અને સદ્‌ગતિનાં દ્વારની કુંચી છે જેટલો વખત સામાયિક વ્રતમાં, સમતાભાવમાં ચિત્ત ચોંટેલું રહે છે, તેટલો વખત અશુભ કર્મોનો ઉચ્છેદ થાય છે અને તેટલો વખત શ્રાવક સાધુ સમાન બને છે. આથી આત્માર્થી જીવોએ વધુ ને વધુ સામાયિક કરવા, એ હિતકારક, સુખકારક અને કલ્યાણ-કારક છે.

ॐ

ધર્મનો પ્રભાવ

દશ પ્રકારના ચારિત્રધર્મના પ્રભાવથી સૂર્ય–ચંદ્ર વિશ્વ ઉપર ઉપકાર કરવા દરરોજ ઉદય પામે છે: વરસાદ સમયસર વરસે છે: સમુદ્ર મર્યાદા છોડતો નથી: સિંહ, વાઘ, વાવાઝોડા, દાવાનળ સંહાર કરતા નથી: પૃથ્વી આધાર વિના ટકી રહે છે. એ વગેરે સર્વ નિયમિતપણે વિશ્વમાં વ્યવસ્થિત રીતે ચાલુ રહ્યું છે, તે સર્વ ધર્મનો પ્રભાવ છે. શાસ્ત્રકાર મહર્ષિઓ ધર્મભાવના નામની બારમી ભાવનામાં ધર્મનો પ્રભાવ એ રીતે વર્ણવે છે.

'धम्मरयणं'–એ પદની ટીકા કરતાં પૂ. શ્રી હરિભદ્રસૂરિજી મ. *લલિતવિસ્તરા નામના ગ્રન્થરત્નમાં ફરમાવે છે કે–*

'सामायिकादिगत विशुद्धक्रियाऽभिव्यङ्ग्यसकलसत्त्वहिताशयामृत लक्षणस्वपरिणाम एव साधुधर्मः।'

અર્થ–'સામાયિકાદિની વિશુદ્ધ ક્રિયાથી અભિવ્યક્ત થતો સકલ પ્રાણીઓના હિતના આશય રૂપ અમૃત લક્ષણ સ્વપરિણામ એ જ સાધુધર્મ છે.'

આને સર્વવિરતિ ચારિત્રધર્મ કહે છે. ધર્મ એટલે જ ચારિત્રધર્મ. એ સાધુધર્મને પ્રાપ્ત કરવાનો પરિણામ એ ગૃહસ્થધર્મ છે. એને દેશવિરતિ ચારિત્રધર્મ કહે છે. કહ્યું છે કે–'साधुधर्माभिलाषरूप आत्मपरिणामः श्रावकधर्मः।'

'સાધુધર્મ પાળવાના અભિલાષ રૂપ આશય જેમાં છે, તે શ્રાવક-ધર્મ છે.' સર્વ જીવોના હિતના આશય રૂપ અમૃત છે લક્ષણ જેનું, એવો આત્મપરિણામ, તે સર્વવિરતિ ચારિત્રધર્મ છે. આ પરિણામને આત્મામાં સ્થિર રાખવા માટે સામાયિક આદિ વિશુદ્ધ ક્રિયાની જરૂર છે. પ્રાણી માત્રના કલ્યાણની-હિતની ભાવના-હિતનો આશય અથવા સર્વ જીવોને દુઃખમુક્ત કરી પરિપૂર્ણ સુખ પ્રાપ્ત કરાવવાનો આત્મામાં રહેલો જ ભાવ, તે ભાવની શુદ્ધિ અને પુષ્ટિ માટે શાસ્ત્રમાં દશ પ્રકારનો ચારિત્રધર્મ ઉપદેશ્યો છે. આવો અમૃત પરિણામ ત્યારે જ ટકે, કે જ્યારે શુદ્ધ રીતે દશ પ્રકારના ચારિત્ર-ધર્મનું પાલન હોય. જેમ કે—જો ક્ષમાગુણ હોય, તો જ સર્વ પ્રાણીવિષયક કલ્યાણનો ભાવ ટકી રહે અને જો ક્ષમાગુણ ન હોય, તો અપરાધી ઉપર કોપ થાય તથા તેની સાથે જ તે શુદ્ધ ભાવ નહીં ટકે. તેવી રીતે જો માર્દવ—માનત્યાગ

સમગ્ર વિશ્વવિષયક હિતચિન્તાનો એ ભાવ દશ પ્રકારના ધર્મના આંશિક કે પરિપૂર્ણ પાલન વડે સ્થિર રહેતો હોવાથી, એ ધર્મને લીધે જ સમગ્ર વિશ્વની વ્યવસ્થા એક પણ નિયમને બાધ પહોંચ્યા સિવાય ચાલી રહી છે. શ્રી તીર્થંકર પરમાત્માના આત્મા, શ્રી ગણધર ભગવંતોના આત્મા, શ્રી આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ ભગવંતોના આત્મા, સર્વ પ્રાણીવિષયક હિતચિન્તાના ભાવથી ભરેલા છે; અને એ ભાવની રક્ષા ખાતર સતત દશ પ્રકારના ચારિત્રધર્મનું તેઓ પાલન કરી, -કરાવી રહ્યા છે. તેથી તે ભાવ સમગ્ર વિશ્વમાં સતત વ્યાપેલો રહે છે; અને એ ભાવના પ્રભાવ વડે જ વિશ્વમાં સર્વ કાંઈ વ્યવસ્થિત ચાલી રહ્યું છે. આ હકીકત શાસ્ત્રમાં વારંવાર ઉપદેશી છે.

દશ પ્રકારનો ચારિત્રધર્મ ત્યાં જ હોય છે અને ત્યાં જ ટકે છે, કે જ્યાં સર્વ સત્ત્વવિષયક હિતચિન્તા રૂપ વિશુદ્ધ આત્મપરિણામ હયાતિ ધરાવતો હોય અથવા તે પરિણામ પ્રાપ્ત કરવાની અભિલાષા ચિત્તમાં વર્તતી હોય. સર્વ સત્ત્વવિષયક હિતચિન્તાના સાચા અમૃત પરિણામમાં દશ પ્રકારનો ચારિત્રધર્મ અર્થાત્ સાધુધર્મ અને સાધુધર્મ પ્રાપ્ત કરવાની અભિલાષા રૂપ 'શ્રાવકધર્મ' અંતર્ગત રહેલો છે, એમ માનવું જોઈએ. સકલ સત્ત્વવિષયક હિતચિન્તાનો પરિણામ એ જ ભાવધર્મ છે અને એ ધર્મમાં જ વિશ્વના તમામ પદાર્થોને નિયમમાં રાખવાની તાકાત છે. એ ભાવધર્મને ટકાવવા માટે, પેદા કરવા માટે કે વધારવા માટે

જેટલા જેટલા માર્ગો છે, તે બધા પણ કારણમાં કાર્યના ઉપચારથી ધર્મ છે. ભાવધર્મના કારણ રૂપ ધર્મ એ દ્રવ્યધર્મ છે. એક પ્રભુની આજ્ઞાના ભાવપાલન રૂપ છે અને બીજો પ્રભુની આજ્ઞાના દ્રવ્યપાલન સ્વરૂપ છે. ભાવ અને દ્રવ્ય ઉભય પ્રકારે પ્રભુની આજ્ઞાનું પાલન અને તે પાલન ઉપરનું બહુમાન, એને અનુક્રમે બોધિ અને તેનું બીજ કહેવાય છે. એવી બોધિ અને એનું બીજ પ્રાપ્ત કરી, જગતના આત્માઓ ત્રણે કાળમાં સુખી થાઓ, સુખી થાઓ, સુખી થાઓ,—એ ભાવના નિરંતર કર્તવ્ય છે. એથી ભવવિરાગ અને મોક્ષાભિલાષ દૃઢ થવા સાથે શ્રી જિનેશ્વરદેવના શાસનનો સાચો પ્રભાવ જગતમાં વિસ્તાર પામે છે.

સામાયિક અને નમસ્કાર

સામાયિક એટલે સર્વ જીવો આત્મતુલ્ય છે. એ સાધનાનો અભ્યાસ નવકાર એટલે પોતાનો આત્મા પરમાત્મતુલ્ય છે, એની સાધનાનો અભ્યાસ. જીવનમાં સામાયિક અને સ્મરણ-ધ્યાનમાં નવકાર. સામાયિક એ જીવનમાં જીવવાનો અભ્યાસ છે. સામાયિક રૂપ પ્રત્યક્ષ જીવનના અભ્યાસ વડે નવકારથી ફલિત થતા પરોક્ષ મોક્ષસુખની પ્રાપ્ત થાય છે. એ રીતે 'કરેમિ ભંતે'નો 'ક'કાર અને 'નવકારમંત્ર'નો 'ન'કાર પ્રાપ્ત થવો એ પરમ પુણ્યોદય છે. કરેમિ ભંતે એ દ્વાદશાગીનો સંક્ષેપ છે. નવકાર એ દ્વાદશાંગીનો સાર છે. સાર એટલે ફળમંદોપ, એટલે ટૂંકો અર્થ-કાર્યક્રમ. સામાયિકના ટૂંકા અર્થ કાર્યક્રમ વડે-તેની સાચી સાધના વડે શ્રી પરમેષ્ઠિપદની પ્રાપ્તિ થાય છે. શ્રી અરિહંત પ્રથમ પરમેષ્ઠિ રૂપ હોવા છતાં શ્રી પંચપરમેષ્ઠિમય છે. અરિહંતના ધ્યાનથી શ્રી પંચપરમેષ્ઠિનું ધ્યાન થાય છે અને શ્રી પંચપરમેષ્ઠિના ધ્યાનથી શ્રી અરિહંતનું ધ્યાન થાય છે. સામાયિક એ પરમેષ્ઠિ થવાની સાધના છે. નવકાર એ સાધનાના પરિણામે મળનારી પદવીનો દ્યોતક છે. નવકાર એ નિશ્ચય રત્નત્રયીનું પ્રતીક છે. સામાયિક એ વ્યવહાર રત્નત્રયીનું પ્રતીક છે. નિશ્ચય એ ફળ છે. વ્યવહાર એ સાધન છે.

"નિશ્ચય દૃષ્ટિ હૃદય ધરીજી, પાળે જે વ્યવહાર;
પુણ્યવંત તે પામશેજી, ભવસમુદ્રનો પાર."
(ઉ. શ્રી યશોવિજયજી મ.)

વ્યવહારનું પાલન એ નિશ્ચયનું સાધન છે. નિશ્ચયનું ધ્યાન વ્યવહારનું વિશોધક છે. નવકારને લક્ષ્યમાં રાખીને સામાયિકનું આચરણ કરનાર નિયમા મુક્તિસુખને પ્રાપ્ત કરે છે. સામાયિકનો વ્યવહાર શુભ હોવાથી પુણ્યનો ઉત્પાદક છે. નવકારનું ધ્યાન લક્ષ્યને ઓળખાવનાર હોવાથી વ્યવહારને સુધારનાર છે. 'શિવમસ્તુ સર્વં જગતઃ' એ સામાયિકના પરિણામ છે. 'નમો અરિહંતાણં' એ નિશ્ચયનું સૂત્ર છે. વેદના મહા વાક્યની જેમ એ ચૌદ પૂર્વ અને દ્વાદશાંગીનું મહાવાક્ય છે. વેદ, વેદાંગ, ન્યાય, મીમાંસા, ધર્મશાસ્ત્ર અને પુરાણોનું તાત્પર્ય જીવ બ્રહ્મૈક્ય છે. દ્વાદશાંગીનું રહસ્ય પરમેષ્ઠિ નમસ્કાર અને એ દ્વારા શુદ્ધાત્મ સ્વરૂપનું પરિભાવન છે.

નમસ્કાર એ અનુમોદન સ્વરૂપ છે. અનુમોદન અને પ્રમોદ એ બે પર્યાય શબ્દો છે. [illegible]

ન હોય; તો તેઓને કરેલો તે નમસ્કાર જૂઠ્ઠો છે–સાચો નથી: દ્રવ્યનમસ્કાર છે–ભાવનમસ્કાર નથી. પરંતુ ગુણનો પક્ષપાત અને એ પક્ષપાત સહિત સાચો નમસ્કાર આવે ક્યારે? ગુણનો પક્ષપાત એ ગુણો પ્રત્યે શ્રદ્ધા માંગે છે. ગુણોમાં ઉપાદેયપણાની બુદ્ધિ એ જ સાચી શ્રદ્ધા છે. જ્યાં સુધી જેને નમવામાં આવે છે તેના ગુણોમાં ઉપાદેયબુદ્ધિ નથી, તે ગુણો આદરવા લાયક છે–આચરવા લાયક છે એવો ખ્યાલ નથી, એ ગુણોને જીવનમાં લાવવા પ્રત્યે ઉદાસીનતા છે અને ઉપેક્ષાબુદ્ધિ કે હેયબુદ્ધિ છે; ત્યાં સુધી સાચો નમસ્કાર–ભાવનમસ્કાર ક્યાંથી થાય?

ગુણોમાં ઉપાદેયબુદ્ધિ એ ભાવનમસ્કારનું પ્રથમ પગથિયું છે. જ્યાં સુધી ચિન્તામણિ અને કામધેનુ કરતાં પણ પરમેષ્ઠિઓને જે ગુણો પ્રાપ્ત થયા છે. તેની કિંમત અધિક છે એવો ખ્યાલ ન આવે–એનું સાચું ભાન ન થાય; ત્યાં સુધી ભાવનમસ્કાર આવી શકતો નથી. આજે તો મોટે ભાગે જેને નમવામાં આવે છે તેના ગુણોનું જ્ઞાન નથી. જ્ઞાન છે તેને ઉપાદેયબુદ્ધિને બદલે ઉપેક્ષાબુદ્ધિ છે, અથવા આગળ વધીને કહીએ તો હેયબુદ્ધિ હોય તેવો વર્તાવ છે. પરમેષ્ઠિઓએ પાંચ વિષય ત્યજ્યા છે અને ચાર કષાય જીત્યા છે. પાંચ મહાવ્રતો અને પાંચ આચારોમય તેઓનું જીવન છે અષ્ટપ્રવચનમાતા અને ૧૮૦૦૦ શીલાંગ રથના તેઓ ધોરી છે. તેમાંની કોઈ પણ વસ્તુ ઉપર જેઓને પ્રેમ નથી, આદર નથી, મેળવવાની કે જાણવાની પણ ઈચ્છા કે

દરકાર નથી; તેઓનો નમસ્કાર ભાવનમસ્કાર કેવી રીતે બની શકે ?

નમસ્કારને ભાવનમસ્કાર બનાવવા માટે ગુણબહુમાન રૂપ ભાવ જોઈએ. બીજ વાવ્યા વિના જેમ કોઈ પણ ધાન્ય ઉગે નહિ, તેમ ગુણો ઉપર બહુમાન-આદરભાવ રૂપ બીજનું આધાન કે વાવેતર કર્યા વિના ગુણપ્રાપ્તિ અને તેના ફળ રૂપ મોક્ષપ્રાપ્તિ રૂપી ધાન્ય ક્યાંથી ઉગે ? ભલે તરતી વૃષ્ટિ થાય અને ગમે તેટલી ભૂમિ શુદ્ધ હોય, પરંતુ બીજ વાવ્યા વિના [illegible] પણ ધાન્ય ઉગી શકે નહિ ! [illegible]

[illegible]

છે, જ્યારે બીજી બાજુ પાપનો નાશ કરે છે. નવમું પાપસ્થાન લોભ અને અઢારસું પાપસ્થાન મિથ્યાત્વશલ્ય, એ બધા પાપોમાં સૌથી મોટા ગણાય છે. તે બંનેનો નાશ એકજ નવકારથી સધાય છે, કેમ કે-નવકાર દુન્યવી લોભનો શત્રુ છે અને મુક્તિસુખનો લોભ જીવમાં જગાડે છે. નવકાર પાપને પાપ નહિ માનવા રૂપ તથા પુણ્યને પુણ્ય નહિ માનવા રૂપ જડતાનો નાશ કરે છે અને શુદ્ધ દેવ-ગુરૂ-ધર્મ ઉપર પ્રેમ પેદા કરે છે

卐

નવકારનું સામર્થ્ય

મહામંત્ર નવકાર એ શ્રી જૈનશાસનનો પરમ મંત્ર છે. તમામ આરાધનાનું એ અંતિમ રહસ્ય છે. નવકારને પકડવાથી બધી જ ઉત્તમ આરાધના પકડમાં આવી જાય છે. નવકારનું પુનઃ પુનઃ રટણ કરનાર અંતે શ્રી પંચપરમેષ્ઠિસ્વરૂપ બને છે. અથવા નવકારના પ્રથમ પદસ્વરૂપ 'નમો અરિહંતાણં'નું પુનઃ પુનઃ રટણ કરનાર આત્મા અંતે શ્રી અરિહંતસ્વરુપ બને છે. નવકારનું સામર્થ્ય અદ્ભુત છે. તે સર્વાંગશુદ્ધ મહામંત્ર છે તથા બીજા પણ તમામ મહામંત્ર અને પ્રવર વિદ્યાઓના ઉત્કૃષ્ટ બીજસ્વરૂપ છે.

આત્મજ્ઞાન સર્વથી શ્રેષ્ઠ શાથી ?

લોકો હંમેશાં મોટી બાબતો તરફ દોડે છે અને નાની બાબતોને વિસરી જાય છે. તેઓ સમાજના, દેશના અને વિશ્વના ભારેખમ વિચારો કરે છે અને પોતાના, પોતાના કુટુંબીઓના અને ઘરના સીધા-સાદા વિચારો કરવાનું વિસરી જાય છે. મોટાં ગ્રન્થો, ઈતિહાસો અને શાસ્ત્રોમાં ગુંચવાયા કરે છે અને નાની નોંધપોથી, દિનચર્યા અને દરરોજની વાતો વિસરી જાય છે : આદર્શોનાં જંગલોમાં રખડે છે અને વાસ્તવિકતાની કેડીઓને છોડી દે છે: તેમજ મોટી વસ્તુઓના ગગમઘાટમાં નાની વસ્તુઓ દેખાતી નથી.

પરંતુ આ દોષ છે—સ્થૂલ બુદ્ધિનું વિપરીત પરિણામ છે. મોટી વસ્તુઓ હંમેશાં નાની વસ્તુઓમાંથી બનેલી હોય છે. મોટું સરોવર નાના ટીંપાઓથી ભરાયેલું છે. [illegible]

ખામી સૂચવે છે. નાની બાબતો મોટી બાબતોનાં અવયવો સ્વરૂપ છે–એમ માની, તેના તરફ વધારે કાળજી રાખવી એ જ સાચી દૃષ્ટિ છે.

'यथा पिंडे तथा ब्रह्मांडे ।'–એ ન્યાયે નાની વસ્તુઓને સમજનાર મોટી વસ્તુઓને આપોઆપ સમજશે. પોતાને ઓળખી લેનાર આખા વિશ્વને સહેલાઈથી ઓળખી લે છે. આત્મજ્ઞાનને એટલા માટે જ સર્વથી શ્રેષ્ઠ જ્ઞાન કહ્યું છે.

જીવનની પ્રત્યેક ક્રિયાને સૂક્ષ્મ રીતે અવલોકી, તેમાં શુદ્ધિ, સમજ અને સરલતા લાવવી જોઈએ. કેમ બોલવું, કેમ ચાલવું, કેમ બેસવું, કેમ ઉઠવું, કેમ ખાવું, કેમ પીવું–એવી નાની નાની જણાતી ક્રિયાઓ જ સંસ્કૃતિના પાયાની ઈંટો છે. નજીવી લાગતી બાબતોને પણ બુદ્ધિ અને અંતઃકરણની કેન્દ્રિત કરેલી સમગ્ર શક્તિ વડે જોનારને, વિચારનારને અને આચરનારને જ તેમાં મહત્તાના દર્શન થશે.

બીજી રીતે વિચારતાં, જેને મોટાં પુસ્તકો વાંચવા હશે, તેને નાના અક્ષરો શીખવા પડશેઃ જેને ભવ્ય શિલ્પ-સ્થાપત્યો સર્જવા હશે, તેને નાનાં હથોડી–ટાંકણા હાથમાં લેવા પડશે : જેને અદ્‌ભુત નૃત્ય કરવું હશે, તેને ચૈતન્યના નાનામાં નાના ધબકારનો પણ અભ્યાસ કરવો પડશેઃ તેમજ જો લાખોના હૃદયને ડોલાવનાર સંગીત રેલાવવું હશે, તો નાનાપણ સ્વરો અને સૂરોને ઘુંટી ઘુંટીને પી જવા પડશે.

બ્રહ્માંડને ઓળખવા માટે પિંડને ઓળખવો જરૂરી

છે. પરમાત્માનું જ્ઞાન મેળવવા માટે પ્રથમ જીવાત્માને સમજવો આવશ્યક છે. પાઠશાળાઓમાં જીવવિચારનું જ્ઞાન પ્રથમ આપવામાં આવે છે, તેની પાછળ સૂક્ષ્મ વિચાર છે. નાનામાં નાના જીવનું જ્ઞાન પણ સમગ્ર જીવસૃષ્ટિના વિશાળ વિજ્ઞાનનો ભાગ છે.

卐

સદ્ગુણ સાધનાનું મહત્ત્વ

Spiritual principales can only be acquired after long discipline in the pursuit and practise of virtue.

[illegible]

નથી ત્યાં સુધી કાંઈ નિષ્પન્ન થતું નથી—એ વાત સત્ય છે, તો પણ તેનામાં શક્યતા તો રહેલી જ છે. સારૂં વિચાર રૂપી બી પણ કોઈ સારા વર્તન રૂપી છોડના કણુસલામાંથી જ છૂટું પડેલું છે. એ રીતે વિચાર અને વર્તન વસ્તુતઃ એક જ વિકાસ યોજનાના બે જુદા જુદા છેડા છે. વિચાર કે ભાવના એ પણ એક પ્રકારનું કાર્ય જ છે, તેથી તેનું પણ કારણ શોધવું જોઈએ. એ કારણ પૂર્વના વર્તન સિવાય બીજું કોઈ નથી. જીવનક્ષેત્રમાં ઉત્તમ પાક પકવવા ઈચ્છનારે ઉત્તમ વિચારોની કિંમત જેમ ઓછી નહિ આંકવી જોઈએ, તેમ ઉત્તમ વિચારોની કિંમત આંકનારાઓએ ઉત્તમ વર્તનની પણ તેટલી જ કિંમત આંકવી જોઈએ.

卐

ગુણો મેળવવા પ્રયત્ન કરો !

" गुणेषु यत्नः क्रियतां, किमाटोपैः प्रयोजनम् ।
विक्रीयन्ते न घण्टाभिर्गावः क्षीरविवर्जिताः ॥"

ભાવાર્થ- જેમ દૂધ વિનાની વંધ્યા ગાયને ગળે ઘંટા-ફૂલમાળ વગેરે બાંધીને શણગારવાથી [illegible] તેને ખરીદ કરતા નથી, તેમ મનુષ્ય પણ ગુણ વિના કેવળ ખોટા આડંબર કરે તેથી તે મોટો બની જતો નથી. આથી વાસ્તવિક મહત્તા પ્રાપ્ત કરવા માટે પ્રતિદિન ગુણો મેળવવા પ્રયત્ન કર્યા કરો, એ જ જિંદગી મનુષ્યોનું પરમ-શ્રેષ્ઠ કર્તવ્ય છે.

સદ્‌ગુણ સાધના

: લેખક :

પૂ. મુનિરાજ શ્રી કુંદકુંદવિજયજી મહારાજ

માનવજીવન એ સદ્‌ગુણોની પ્રાપ્તિ કરવા માટેનું એક શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ સાધન છે. એનો ઉપયોગ સદ્‌ગુણોની પ્રાપ્તિ માટે કરવો, તે વિવેકી માત્રનું પરમ કર્તવ્ય છે. જીવનમાં અશાન્તિ ટાળવાનો અને શાન્તિને સ્થાપવાનો એ જ એક રામબાણ ઉપાય છે.

જીવનમાં સદ્‌ગુણોનો અભ્યાસ કેવી રીતે કરવો અને આત્મસાત્ કેવી રીતે બનાવવો, તે માટે લગભગ ૫૦૦ પૃષ્ઠના 'સદ્‌ગુણ સાધના' નામના આ પુસ્તકમાં સાદી, સરલ અને રોચક ભાષામાં જુદા જુદા ૭૫ વિષયો રજુ કરવામાં આવ્યા છે.

સદ્‌ગુણાનુરાગી આત્માઓ માટે આ પુસ્તક અવશ્ય વાંચવા લાયક છે

—પ્રકાશક